શ્રાવકની બાલિકા જ્યારે સ્પષ્ટ બોલનારી અને સમજણ વાળી થાય, ત્યારે તેણીને કન્યાશાળામાં અથવા ઘેર રહિ શિક્ષણ આપવાનો આરંભ કરવો જોઈએ. જ્યારે તેને વાંચતાં લખતાં આવડે એટલે તેણીને શુદ્ધ શિક્ષણ અને શુદ્ધ કાર્યને અર્થે ધર્મ તથા નીતિની કેળવણી સાથે, વ્યવહારોપયોગી ઊંચા પ્રકારનું જ્ઞાન આપવાના ઉપાયો યોજવા જોઈએ. તેમને શુદ્ધ વાંચતાં લખતાં અને ઉપયોગમાં આવે એટલું ફક્ત ભૂગોળ, ઇતિહાસ, વ્યાકરણ, ગણિત ઘરના આવક જાવકનો હિસાબ લખવા જેટલું રશી નામુ વગેરેનું જ્ઞાન આપવું. વિશેષ જ્ઞાનમાં આરોગ્ય વિદ્યા, પદાર્થ શાસ્ત્ર તથા પાક શાસ્ત્રનું અનુભવ સિદ્ધ શાસ્ત્રીય જ્ઞાન, પદાર્થ વિજ્ઞાન, અર્થ શાસ્ત્ર, વનસ્પતિ શાસ્ત્ર, બાળાની માવજત, ઘર કુટુંબમાં ઉપયોગી થાય એટલુંજ વૈદક જ્ઞાન, બાલ રક્ષણ, બાલ શિક્ષણ, ઘરવ્યવસ્થા, ઘર કુટુંબનાં કપડાં વેતરી સીવતાં સાંધતાં, સુંદર ભરત ભરતાં, મોજા, ગલપટા, પુષ્પના અલંકારો ગુંથતાં, કાગળ, માટી, મીણ, લાખ, અને કાગળ વગેરેના જુદિ જુદી જાતનાં નકશીદાર નમુના કોતરતાં. કાપતાં અને બનાવતાં રૂમાલ. આસન વગેરે વણતાં, નેતર ભરતાં. જરજરીના રંગનું કામ કરતાં, ચિત્ર, તંદુરસ્તી રાખવાના ઉપાય, બાળકોને બુદ્ધિ: ગુણ અને રૂપવાળા અને રંગમાં સુશોભિત બના-

થવાના નિયમો; રસોઈ કરવી, ગર્ભાવસ્થા અને પ્રસુતિ સમયે સંભાળ રાખવાની સમજણ. સંગીત; વાદ્ય અને તાળની સમજણ અને પરોપકાર તથા સખી રિત રાખવાની પદ્ધતી વગેરે જ્ઞાનની કેલવણી આપવાની ઘણી જરૂર છે.

આ બધી વ્યવહારની કેલવણી કહેવાય છે. તે સાથે ધર્મની કેલવણી આપવી જોઈએ. સામાયિક, પ્રતિક્રમણ, નવ તત્ત્વ, દંડક, સંઘયણ, કર્મગ્રંથ અને બીજા ધાર્મિક વિષયોનું ઉંચુ જ્ઞાન શ્રાવિકાને શીખવવું. તે ધાર્મિક જ્ઞાન સારી રીતે સંપાદન કરવાથી બુદ્ધિ નિર્મળ થાય છે અને તેને અંગે ગૃહ-વ્યવહારની ઉંચી કેળવણી મળે છે. ધર્મના જ્ઞાનથી જીવદયા પાળવી, શુદ્ધ મન આચરવા, તપસ્યા કરવી અને વડિલોની વૈયાવચ્ચ કરવાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ધાર્મિક અને સાંસારિક કેળવણી પામેલી શ્રાવિકા રીતી સાચવતાં. પરોપકારી કરતાં, પતિસેવા કરતાં, પતિ વિદેશ જાય ત્યારે વર્તતાં, યોગ્ય જનને માન આપતાં, પારકાના હૃદયને પારખતાં, સજ્જન દુર્જન ઓળખતાં, સઘકુટુંબ આરોગ્ય રહે તેમ કરતાં, માતા પિતા, છોકરાં, સાસુ સસરો, ભાઈ. દિયર, જેઠ, નણંદ વગેરે સગા-સ્નેહી સાથે વર્તતાં, દુરાચારી પતિને સુધારતાં. રસવાળી રસોઈ કરતાં, પીવાના પ્રવાહી પદાર્થો બનાવતાં. ખાદ્ય પદાર્થ ઓળખતાં. સચેત અચેત પારખતાં. પ્રાસુક પદાર્થો બનાવતાં. બાળકોને ઉપદેશ આપતાં, સાસરે જતી પુત્રીને શીખામણ આપતાં, સતી સ્ત્રીઓના જન્મચરિત્ર વાંચી તેમાંથી ઉત્તમ ઉપદેશ ગ્રહણ કરતાં. પોતાની રાજ્ઞુકીનતા ખતાં. સરખી સાહેલીઓની સાથે મળી મધુર ગીતો ગાતાં, મધુર સ્વરથી સ્તવનો બોલતાં, ઉઘ પુરૂષોના પંજામાંથી યુક્તિથી બચી જતાં, બાળકોને રમાડતાં. વિપત્તિના વખતમાં ઈશ્વરનિર્વાહ અર્થે પોતાને યોગ્ય કાર્ય કરતાં, રીતે જાણી લેતાં. બીજાના વસ્-



બાલરક્ષા.

શ્રાવક અને શ્રાવિકાના ઉત્તમ સંસારનું ફળ વત્સ છે. ગૃહવાસમાં રહેનારા દંપતીના પ્રેમની પ્રત્યક્ષ મૂર્ત્તિ સંતતિ છે. જ્યારે સંતાનની ઉત્પત્તિ થાય છે, ત્યારે વ્યવહાર દૃષ્ટિએ સ્ત્રી પુરૂષ પોતાના સંસારની સાર્થકતા માને છે. જ્ઞાનદૃષ્ટિએ જોતાં પણ સંસારમાં સંતતિ થવી એ ભોગ્ય કર્મનું ફળ માનેલું છે. ભગવંત તીર્થંકરોએ પણ ભોગ્ય કર્મનું ફળ ભોગવી પતાવાને સંસારનો આરંભ કરેલો છે અને સંતાનની ઉત્પત્તિ થતાં સુધી તેમને ગૃહાવાસમાં રહેવું પડ્યું છે. વળી સંતાન એ મોહનીય કર્મના પ્રભાવથી માતાપિતાના આનંદનું કારણ થઇ પડે છે. પતિ પત્નીના પ્રેમનું બંધન છે. તેમજ તેનાથી સંતોષ અને શાંતિને તે આપનાર છે. આ સંસાર જો કે દુઃખમય છે, તથાપિ સંતતિના યોગથી એ આનંદમય લાગે છે. ઘર અને કુટુંબની શોભા સંતાનથી દેખાય છે. જેના ઘરના આંગણામાં નાના નાના બાળકો રમતા હોય અને અસ્પષ્ટ મધુર ભાષા બોલતા હોય, તે ઘર ઘણું રળીયામણું લાગે છે. તંદુરસ્ત ખુશનુમા બાળકને રમાડનારા દંપતીનો આનંદ અનુપમ છે. સુંદર બાળકના સ્મિતવદનને નિરખી નરનારીના હૃદયમાં જે ખુશી ઉપજે છે, તે અવર્ણનીય છે. જગત્પતિ અર્હંત ભગવાનોની બાળક્રીડા અદ્ભુત હતી. તેમને રમાડવાને સુરપતિ-

એ વિવિધરૂપ વિકુર્વી અદ્ભુત આનંદનો અનુભવ કરતા હતા. અને તેમનાં પૂજ્ય માતપિતાઓ તે જોઈ પોતાના જન્મની સાર્થકતા માનતા હતા.

જ્યારથી બાળક ગર્ભમાં આવે ત્યારથીજ તેના રક્ષણને માટે શ્રાવકમાતાએ સાવધાન રહેવાનું છે. બાળક એ માબાપનુ પ્રતિબિંબ છે. તેથી જેનાં માબાપ સારાં સુઘડ, તંદુરસ્ત અને નિરોગી હોય છે, તેનાં સંતાનો પણ મોટું કરી તેવાંજ થાય છે, બાળકની તંદુરસ્તીના બંધારણનો મુખ્ય પાયો બાલ્યવયમાં બંધાય છે, તેનો મુખ્ય આધાર માતા ઉપર છે. જે સુઘડ અને કેળવણી પામેલી માતા પોતાના બાળકને સારી રીતે સંભાળી ઉછેરે છે, તો તે બાળક તંદુરસ્ત હોઈ સુખી થાય છે. જીવવું કે મરવું—એ તો આયુષ્ય ઉપર આધાર રાખે છે, પણ તંદુરસ્તીમાં રહેવું, એ તેના ઉછેરવા ઉપર છે. બાળરક્ષણના નિયમને નહીં જાણનારી માતા જો બાળકની સંભાળ રાખવામાં બેદરકાર રહે તો તે બાળક અનેક જાતના રોગનું ભોગ થઈ પડે છે. બાળકને ઉછેરવામાં શારીરિક, માનસિક અને નીતિના નિયમો તેની માતાએ બરાબર જાણવા જોઈએ. જો એ નિયમો જાણ્યા વગર બાળકને જેમ તેમ ઉછેરે છે તો તેમાંથી સેંકડે ઘણાં બાળકો રોગના ભોગ થઈ મરણને શરણ થાય છે. કદિ આયુષ્યના બળથી કોઈ કોઈ બાળકો જીવતાં રહે તો તે નબળા બાંધાના અને અમુક જાતના રોગના પાત્ર યાવજ્જીવ રહ્યા કરે છે.

આજકાલ શ્રાવિકાઓને જોઈએ તેવી બાળરક્ષણની કેળવણી મળતી નથી, તેથી ઘણે સ્થળે શ્રાવકપ્રજા નબળી જોવામાં આવે છે. શ્રાવકનાં સંતાનો માત્ર આયુષ્યના બળથી જીવે છે, પણ તેમનામાં જોઈએ તેવી શારીરિક સંપત્તિ જોવામાં આવતી નથી. તેનું કારણ માત્ર શ્રાવકમાતાની બાળરક્ષાની શિક્ષાની ગરજના

છે, રોગને ભોગ થઈ ગયેલા અને અહર્નિશ ડાક્ટરો તથા દેશી વૈદ્યોના આશ્રયને સેવનારા હજારો બાળકો, તરૂણો અને વૃદ્ધોની જે સંખ્યા શ્રાવકપ્રજામાં છે, તેવી બીજી પ્રજામાં નથી. જે દે શમાં કે ગામમાં શ્રાવકપ્રજાની વસ્તી ઘણી હોય છે, ત્યાં વૈદ્ય તથા ડાક્ટરોનો વિશેષ ધંધો ચાલે છે, તેનું કારણ માત્ર શ્રા વિકાઓને નહીં મળતી બાળરક્ષણની કેળવણીજ છે.

આપણા જૈન શાસ્ત્રમાં લખેલું છે કે, મનુષ્યદેહ ચિંતામ ણિ સમાન છે. તેનો ઉપયોગ ધર્માદિકાર્યમાં સારી રીતે કરવે જોઈએ. ચિંતામણિથી જેમ સર્વ પ્રકારના વાંછિતો પુર્ણ કરી શકાય છે. તેમ મનુષ્યદેહથી સર્વ પ્રકારની ઇચ્છાઓ પૂરી ક રી શકાય છે. તેમ વળી પુણ્યના પ્રભાવનું વર્ણન કરતાં લ ખે છે કે, " મનુષ્ય દેહ, ઉત્તમ કુળમાં જન્મ, શરીરે આરોગ્ય અ ને જૈન ધર્મની પ્રાપ્તિ—એ સારૂં પુણ્ય કરવાથી પ્રાપ્ત થાય છે." તો આવા ચિંતામણિ જેવા મનુષ્યનો દેહ પ્રાપ્ત થયા છતાં તેપર કશું ધ્યાન આપવામાં આવતું નથી—એ કેવી દિલગી રીની વાત કહેવાય? જ્યારે તે બાબત ઉપર પુરતું ધ્યાન આપી શ્રાવિકાઓને બાળરક્ષાની મહાવિદ્યાના નિયમોનું જ્ઞાન આપવામાં આવશે અને જ્યારે તેઓ એ જ્ઞાનનો ઉપયોગ કરી પોતાના સંતાનોને ઉછેરશે, ત્યારેજ બાળકો નિરોગી, બ ળવાન, ચતુર, કદાવર, તેજસ્વી, શુરવીર અને દીર્ઘાયુષ્યવાળા થશે. આ સંબંધી સારૂ જ્ઞાન શ્રાવિકાઓના હૃદયમાં સ્થાપિત કરવાની કેટલી આવશ્યકતા છે, તે સર્વના હૃદયમાં અનુમિત થઈ શકશે. એ વિષયના કેટલાએક સંક્ષિપ્ત નિયમો શ્રાવિકા ઓના જ્ઞાનને માટે નીચે પ્રમાણે આપવામાં આવે છે.



રજોદર્શન.

માત્ર કન્યા ઉમરે લાયક થાય, ત્યારે તેને રજોદર્શન આવે છે. તેને સ્પરકાર અથવા છેટે બેશવું કહે છે. એ કન્યા વયમાં આવવાની નીશાની છે. રજોદર્શનની નિશાની એ સ્રીની પુખ્ત વયનો આરંભ છે. તે વખતે તેણીના ગર્ભાશયમાંથી દરમાસે નિયમિત વખતે એક જાતનો રક્તસ્રાવ થાય છે. તેથી કરીને સ્રીના શરીરમાં કેટલોએક ફેરફાર થાય છે. તેનું શરીર ભારે લાગે છે. શરીરના જુદા અવયવોમાં મેદનો વધારો થાય છે. શરીરના ભાગ પુષ્ટ થતાં જાય છે. તેમાં કમરનો ભાગ વધતો લાગે છે. મુખનો ચહેરો જાસુસના પુષ્પ જેવો થઇ જાય છે. નેત્રમાં ચપળતા વધારે દેખાય છે. તેની રીતભાતમાં લજ્જા પ્રગટે છે. અને તેને સંસારનું સર્વ જાતનું જ્ઞાન થાય છે: આપણા ગરમ દેશની હવાને લઇને બારથી ચૌદ વર્ષમાં એ દેખાવ જોવામાં આવે છે અને તે પીસ્તાળીશથી પચાશ વર્ષની વય સુધી તેનો દેખાવ રહે છે. પછી બંધ પડે છે. ત થાપિ તેમાંને સ્રીના બાંધા ઉપર આધાર રાખે છે. કોઈ બે વર્ષ વેહેલું અથવા બે વર્ષ મોડું બંધ થાય છે. જે સ્રી વધારે મેહેનતુ કે ઉદ્યોગી હોય તેને નિયમિત વખતે રજોદર્શન થાય છે અને તે સિવાયની સ્રીને અનિયમિત રીતે તેનું દર્શન થાય છે. તેમાં પણ જે સ્રી આળસુ. વિષય વિકારની વાતોમાં

રસ રાખનારી, પ્યારની વાતો કરનારી, વિકાર ઉત્પન્ન થાય તેવા પ્રસંગમાં રહેનારી, રસિક સ્ત્રીઓની સોબતમાં રહેનારી, ખાવા પીવામાં અને સુવામાં અનિયમિત રીતે વર્તનારી, ઉંચો પૈષ્ટિક ખોરાક લેનારી અને પ્રમાદમાં પડી રહેનારી હોય, તો તેનું ગર્ભાશય જલદી સતેજ થવાથી તેને તરત રજોદર્શન થાય છે. જો સ્ત્રીને ઋતુનો દેખાવ મોડો થાય તો તેના શરીરનો બાંધો મજબૂત રહે છે. તેથી સ્ત્રીને તેવા પ્રસંગથી દૂર રાખવી જોઈએ, કે જેથી તેણીની શારીરિક સંપત્તિ સારી રહે છે. જો રજોદર્શન નિયમિત રીતે આવે તો સ્ત્રીના શરીરની હાલત સારી રહે છે અને તેનાથી જે સંતતિ ઉત્પન્ન થાય તે નિરોગી—તંદુરસ્ત થાય છે. આને રજોદર્શન થવાનો યોગ્ય કાળ અઠ્ઠાવીશ દિવસ અથવા એક માસનો છે. તેવા નિયમથી જો રજોદર્શન થયા કરે તો તે નિયમિત રજોદર્શન કહેવાય છે. પણ જ્યારે પ્રથમ રજોદર્શન શરૂ થાય ત્યારે કેટલોક વખત તે નિયમિત હોતું નથી પછી તે નિયમિત થાય છે. જ્યાંસુધી રજોદર્શન નિયમિત રીતે ન થાય ત્યાંસુધી ગર્ભ રહેવાનો સંભવ હોતો નથી. નવોઢા શ્રાવિકાને રજોદર્શન પ્રાપ્ત થયા પછી ત્રણ ચાર વર્ષની અંદર ગર્ભ રહે છે.

જ્યારે સ્ત્રીને રજોદર્શન થવાનું હોય ત્યારે કંમરમાં દુઃખાવો થાય છે. પેડુ ભારે લાગે છે, અગર કળતું જણાય છે; શરીરમાં બેચેની રહે છે, સુસ્તિ લાગે છે, શ્રમ વર્તાય છે, મન અવ્યવસ્થિત રહે છે. પ્રમાદ વધે છે, શરીર ભારે થાય છે, ઝાડો કબજ રહે છે અને ઓડ કે માથું દુઃખે છે—આમાંથી કોઇને કાંઈ અને કોઇને કાંઈ ચિન્હ થાય છે. જો તે રજોદર્શન યોગ્ય ઉમર થયા છતાં ન આવે તો ધીમે ધીમે તેના શરીરમાં બગાડો થાય છે. છેવટે હીસ્ટીરિયા કે ક્ષય વગેરે રોગો લાગુ પડે છે.

ખોરાક લેવો નહીં. કોપક આવે તેવો પૌષ્ટિક ખોરાક લેવો. પૂરતાં ગરમ કપડાં પહેરવા. સાવ છાપરા અને ગંદકીવાળી જગ્યામાં બેશી રહેવુ નહીં. તેમ કરવાથી શરીરમાં શરદી લાગુ પડે છે. તેમજ ઠંડો પવન લેવો નહીં. ઉઘાડે પગે શરદીવાળી જમીન ઉપર ચાલવું નહીં. તેમ બેસવુ નહીં. ભીનાં કપડાં પેહેરવાં નહીં. જો તેવી રીતે વર્તે તો ઋતુ અટકી જવાથી ગર્ભાશયમાં સોજો થવાનો સંભવ છે. શરદી થવાથી ઋતુસ્રાવનું રૂધિર ગર્ભમાં જામી જાય છે, પેડુમાં પીડા થાય છે. અને ગર્ભાશય બગડવાથી ગર્ભ રહેવામાં અડચણ આવે છે.

વળી ઋતુસ્રાવવાળી સ્ત્રીએ વધુ વખત ઉભા રહેવું નહીં. ન પચે તેવો ખોરાક લેવો નહીં. થાક લાગે તેવી મહેનત કરવી નહીં, ધાસ્તી કે ફીકર રાખવી નહીં: ગુસ્સો કરવો નહીં. અને ભારે જુલાબ લેવા નહીં. આ સિવાય સ્નાન. ગાન, રૂદન. હાસ્ય. તેલમર્દન, દિવસની નિદ્રા. ગુમાન. નેત્રમાં અંજન. લેપ, વાહન પર બેસવું. વાક્ય બોલવુ, વાક્ય સાંભળવુ. પતિસંગ. દેવપૂજા. દેવદર્શન. બીજી રજસ્વલાનો સ્પર્શ, દંતવર્ધન. ભૂમિશયન. ખુસાફરી, ચંદનલેપ. પુષ્પમાળા ધારણ. તાંબુલ અને પાટલાપર બેસવુ. એ સઘળાનો ત્યાગ કરવો. જો રજસ્વલા શ્રાવિકા આ પ્રમાણે વર્તે નહીં તો તેને ઘણી હાનિ થાય છે.

રજસ્વલા શ્રાવિકા જો પ્રમાદથી કોઇ જાતની ભુલ કરે તો તેને ગર્ભ રહેતો નથી. કદિ ગર્ભ રહે તો તેને ગર્ભપાત થવાની ધાસ્તિ રહે છે. કેટલીક શ્રાવિકાઓ ફીકી અને નુકશાન જેવી દેખાય છે. તેનું કારણ વાસ્તે કરીને ઋતુદોષ હોય છે. ઋતુદોષથી દૂષિત થયેલી શ્રાવિકા ગૃહકાર્યમાં અયોગ્ય થઇ જાય છે. જો તે કંઇ વધારે પડતું કામ કરે છે અથવા [illegible] છે તો તે હાંફી જાય

રહેવાથી તેની અંદર જે ગર્ભ રહે તેમાંથી તંદુરસ્ત બાળક આવે છે અને તે નીરોગી, તેજસ્વી, ખુશનુમાં અને ચપળ થાય છે. તેથી દરેક શ્રાવિકાએ આ બધા નિયમો સ્મરણમાં રાખવા અને તે પ્રમાણે વર્ત્તી પોતાના શ્રાવિકાજીવનને સારી રીતે સાર્થક કરવું.





શ્રાવિકાની સગર્ભાવસ્થા.

ગર્ભના ચિન્હો.



જ્યારે શ્રાવિકા સગર્ભાવસ્થામાં આવે છે, ત્યારે તેણીના શરીરમાં જુદા જુદા ચિન્હો ઉત્પન્ન થાય છે. જાણે શરીર થાકી ગયું હોય, તેવું લાગે છે, શરીરમાં ગ્લાનિ દેખાય છે. પાણીની તૃષા લાગે છે. પગની પીંડીમાં દુઃખાવો થાય છે. પ્રસવની જગ્યા ફરકે છે. ડચાકાં ઉભાં થાય છે, સુગંધી પદાર્થમાં દુર્ગંધ લાગે છે. અને આંખની પાંપણો બઝાઈ જાય છે.

ગર્ભના માસિક ચિન્હો.

જ્યારે ગર્ભ રહ્યા પછી એક માસ થાય છે. ત્યારે શરીરમાં કેટલાએક ફેરફાર થવા માંડે છે. પ્રથમ અટકાવ બંધ થઈ જાય છે. પરંતુ જે સ્ત્રી પ્રથમ ગર્ભ ધારણ કરે, તેને કાંઈ એકજ ચિન્હ ઉપરથી ગર્ભ રહ્યાની ખાત્રી ગણવી નહીં: જે સ્ત્રીને એક વખત નક્ત થઈ ગઈ હોય અને પછી નિયમિત થયેલો અટકાવ બંધ થાય ત્યારે તેને ગર્ભ રહ્યાની ખાત્રી થાય છે. કેટલીએક સ્ત્રીઓને બેએક માસ વહ્યા પછી અને કેટલીએક સ્ત્રીઓને દોઢ માસ વહ્યા પછી બગાસાં તથા ઉલટી વર્તાય છે. ઘણું ભાગ સવારમાં થાય છે. તે બેએક કે બે માસ ચાલુ રહી પછી એની મેળે બંધ થઈ જાય છે. વખતે તેના ચાર પાંચ માસ સુધી પણ

એનો દેખાવ ધોળો ઘણું રહ્યા કરે છે. આ વમન બીજા વમનની જેમ સ્ત્રીને પીડા કરતું નથી, માટે તેમાં કાંઈ ઓસડીઓ પચાર કરવાની જરૂર નથી. વખતે બહુ હેરાનગતિ થતી હોય તો તેનો સહેજ ઉપાય કરવો પણ વિશેષ ઉપાય કરવાની જરૂર નથી. જે સ્ત્રીને ઓળ ઉલટી વિશેષ થાય છે, તેને પ્રસવ વખતે ઓછું સંકટ પડે છે.

બીજા માસની આખરે સ્તનના મુખની આસપાસનો સઘળો ભાગ ફીકો પડી પછી શ્યામ થતો જાય છે. જેમ જેમ વખત થતો જાય, તેમ તેમ સ્તન ઉપર પસીનો વળે છે, કોઇ વાર સ્તન દાબ્યાથી પાણી જેવું નીકળે છે અને પછી દૂધ નીકળે છે.

ત્રીજે અને ચોથે મહિને બાવા અબાવા થાય છે. કોઈ વાર એક બાજુ ઓછો વધતો પણ થાય છે. ગર્ભાશયની સાથે મગજના સંબંધ જ્ઞાનતંતુનો ઘણો નિકટ છે, તેથી ગર્ભાશયની અસર મગજ પર થાય છે. અને તેથી કરીને સગર્ભા સ્ત્રીને વિચિત્રતાના દાખલા ઉત્પન્ન થાય છે. તેમજ જુદા જુદા સ્વાદ ખાવાનું મન થાય છે. જે વસ્તુ ખાવાનું તેને કદી મન થયું ન હોય, તેવી વસ્તુ ખાવાનું તેને મન થાય છે. જે ચીજ ગમતી ન હોય, તેમાં તેને સુગંધ આવે છે. તેથી [illegible] આમલી, રાખ, માટી, ચુનો, કોલસા [illegible] સુગંધ આવે છે અને તેથી તે ખા[illegible] સિવાય કોઈને જુદા પ્રકારના [illegible] ખાવાનું તથા સાંભળવાનું અને [illegible]. [illegible] જોવાનું મન થાય છે. [illegible] સિવાય આ [illegible] ગર્ભધર્મી હોય તો તેને [illegible]

ભ કરતાં જરા પીડા થાય છે. ગર્ભાશય અને મૂત્રાશય એ પાસે પાસે છે, તેથી જ્યારે ગર્ભાશયનો વધારો થાય છે, ત્યારે મૂત્રાશય ઉપર દબાણ થવાથી તેણીને વારંવાર પેશાબ કરવો પડે. આ સિવાય ગર્ભિણીના ચહેરા ઉપર પ્રફુલ્લિતપણું દેખાય છે અને કેટલીકનું શરીર દુર્બળપણું થઈ જાય છે.





ગર્ભિણી શ્રાવિકાએ રાખવી જોઇતી ગર્ભની માસક્રમથી સંભાળ.



૧ પ્રથમ માસે જો ગર્ભ માલુમ પડે તો તે માસમાં મધુર, શીતવીર્ય અને નરમ આહારનો વધારે ઉપયોગ કરવો.

૨ બીજે માસે ગર્ભમાં શીત, વાયુ અને પવનથી મળેલા પંચતત્ત્વનો મેળાપ ઘાટો થાય છે, માટે તે માસમાં પણ પહેલા માસની જેમ આહારનો ઉપયોગ કરવો.

૩ ત્રીજે માસે ગર્ભનો બે હાથ, બે પગ અને માથું- એ રીતે પાંચ અવયવોનો પિંડ જેવો આકાર થાય છે અને બીજા અવયવો સૂક્ષ્મ હોય છે. તેથી તે માસમાં ગર્ભિણીએ ઉપરના ખોરાક શિવાય સાંઠી ચોખાનો દૂધમાં ઉપયોગ કરવો.

૪ ચોથે માસે ગર્ભ સ્થિર થાય છે અને તેના સર્વ અંગો પુરેપુરા [illegible] છે અને હૃદયની નિષ્પત્તિ થાય છે, સર્વ ઇંદ્રિયો ઉત્પન્ન થાય. એટલે ગર્ભ ફરકવા માંડે છે. જ્યારે એ પ્રમાણે [illegible] [illegible] પેદા થઈ એટલે તે ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા થાય છે. [illegible] ગર્ભિણીનું [illegible]. આદિ. ખાવાની [illegible] [illegible] [illegible] [illegible] ચીજોની ઇચ્છા થાય છે. આ માસમાં ગર્ભિણીના [illegible] [illegible] ઉત્પત્તિ. [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને

એ કરતાં જરા પીડા થાય છે. ગર્ભાશય અને મૂત્રાશય એ બંને પાસે પાસે છે, તેથી જ્યારે ગર્ભાશયનો વધારો થાય છે, ત્યારે મૂત્રાશય ઉપર દબાણ થવાથી તેણીને વારંવાર પેશાબ કરવો પડે છે. આ સિવાય ગર્ભિણીના ચહેરા ઉપર પ્રફુલ્લિતપણું દેખાય છે અને કેટલીકનું શરીર દુર્બળ પણ થઇ જાય છે.





ગર્ભિણી શ્રાવિકાએ રાખવી જોઈતી ગર્ભની માસક્રમથી સંભાળ.



૧ પ્રથમ માસે જો ગર્ભ માલુમ પડે તો તે માસમાં મધુર, શીતવીર્ય અને નરમ આહારનો વધારે ઉપયોગ કરવો.

૨ બીજે માસે ગર્ભમાં શીત, બાફ અને પવનથી મળેલા પંચતત્ત્વનો મેળાપ ધારો થાય છે, માટે તે માસમાં પણ પહેલા માસની જેમ આહારનો ઉપયોગ કરવો.

૩ ત્રીજે માસે ગર્ભનો બે હાથ, બે પગ અને માથું—એ રીતે પાંચ અવયવોનો પિંડ જેવો આકાર થાય છે અને બીજા અવયવો સૂક્ષ્મ હોય છે. તેથી તે માસમાં ગર્ભિણીએ ઉપરના ખોરાક શિવાય સાઠી ચોખાનો દૂધમાં ઉપયોગ કરવો.

૪ ચોથે માસે ગર્ભ સ્થિર થાય છે અને તેના સર્વ અંગો ખુલ્લા દેખાય છે અને હૃદયની સ્થિતિ બંધાય છે, સર્વ ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે એટલે ગર્ભ ફરકવા માંડે છે. જ્યારે એ પાંચે ઇંદ્રિયોમાં જ્ઞાનશક્તિ પેદા થઈ એટલે તે ઇંદ્રિયોના વિષયોની ઇચ્છા થાય છે. એટલે ગર્ભિણીના શરીરનું ભારેપણું, અરૂચિ, ખાવાની અનિચ્છા અને ખાટા તગતા પદાર્થોની ઇચ્છા થાય છે. આ માસમાં ગર્ભિણીના સ્તનમાં ધાવણની ઉત્પત્તિ, નેત્રનું શિથિલપણું, હોઠ તથા સ્તન ઉપર શ્યામતા, પગ પર સોજો, અને

મુખમાં પાણી આવે છે.-ગર્ભને હૃદય ઉત્પન્ન થવાથી ગર્ભનું હૃદય માતાના હૃદયની સાથે સંબંધ રાખે છે, તેથી તે માસમાં હૃદયમાં રહેલા રસને વહન કરનારી નાડી ગર્ભનું પોષણ કરે છે. આ વખતે ગર્ભિણીને મન ભાવના પદાર્થોની ઇચ્છા થાય છે. આ વખતે ગર્ભિણીની ઇચ્છા પૂર્ણ કરવાને કહેલું છે, કારણકે, ગર્ભિણીની ઇચ્છા પૂરણ કરવાથી બાળક વીર્યવાન્ અને મોટી આયુષ્યવાળું થાય છે, તેમજ જેવા પદાર્થોની ઇચ્છા થાય, તે પદાર્થના ગુણવાળું બાળક થાય છે. જો ગર્ભિણીના દોહદ તેની ઇચ્છા પ્રમાણે પૂરવામાં ન આવે તો બાળક ખોટ ખામીવાળું થાય છે. જો નઠારા અને ભયંકર દોહદલા ઉત્પન્ન થાય તો તે બાળક દુર્ગુણી અને નઠારા લક્ષણવાળું થાય છે. તેથી ગર્ભિણીને જેમ સારા સારા દોહદ ઉત્પન્ન થાય તેવી યોજનાઓ કરવી જોઇએ.

૫ પાંચમે માસે ગર્ભાશયમાં રહેલા બાળકને સંકલ્પ—વિકલ્પ કરવાની શક્તિ આવે છે. માંસ તથ રૂધિરનો તેનામાં વધારો થવાથી ગર્ભિણીનું શરીર દુબળું પડી જાય છે. આ માસમાં સગર્ભા શ્રાવિકાને ઘી તથા દૂધની સાથે અનાજ આપવું ઉત્તમ છે.

૬ છઠે માસે—બાળકને નિશ્ચય કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે તથા તેણીના શરીરમાં બળનો વધારો થાય છે, જીનેથી ગર્ભિના શરીરનું બળ ક્ષીણ થઇ જાય છે. આ માસમાં કાંજી સાથે ઘી દૂધનો ખોરાક આપવો ફાયદાકારક છે.

૭ સાતમે માસે ગર્ભસ્થ બાળકના અંગો ખુલ્લા જણાય છે, તેથી તેના શરીરમાં પુષ્ટિ થતી જાય છે અને ગર્ભિણીનું શરીર દુબળું થતું જાય છે. આ માસમાં પણ ઉપર પ્રમાણે ખોરાક આપવો લાભકારક છે.

૮ આઠમા માસમાં ગર્ભની અંદર રહેલા બાળકની ઓજધાતુ સ્થિર થાય છે. તેથી ગર્ભિણી કોઈ વખતે હર્ષવાળી અને કોઈ વખતે ખેદવાળી થાય છે, કારણકે, ગર્ભની સાથે સંબંધ રાખનારી નાડીથી માતાના ગર્ભનું અને ગર્ભ માતાનું ઓજ વારંવાર ગ્રહણ કરે છે. ઓજધાતુની સ્થિરતા ન થવાથી આ માસમાં ગર્ભને પીડા થાય છે. તેથી આ માસમાં ગર્ભિણીને ભાત સાથે ઘી દૂધ મેળવી ખોરાક આપવો.

૯—૧૦ નવમે અને દશમે માસે ગર્ભાશયમાં રહેલું બાળક ઓજ સાથે ઉદરમાંજ સ્થિર થઈને રહે છે, તેથી તેની પુષ્ટિને માટે ઘી, દૂધ વગેરે ઉત્તમ પદાર્થો ખાવાં જરૂરનાં છે. આથી ગર્ભની વૃદ્ધિ ઘણીજ ઉત્તમ પ્રકારની થાય છે.

જે પદાર્થો ગર્ભિણીને ત્યાગ કરવા લાયક વિપરીત હોય, તે ગર્ભિણીને આપવા યોગ્ય નથી. વિપરીત પદાર્થોનું સેવન કરવાથી ગર્ભનો ઉદરમાં નાશ થાય છે અગર તેની મુદત ઉપરાંત ગર્ભનો પ્રસવ થાય છે. એથી વખતે ગર્ભિણીના જીવની પણ હાનિ થઈ જાય છે; તેથી ગર્ભિણીને નુકસાનકારક પદાર્થો આપવા નહીં. તેમ ખાવા દેવા નહીં.



ગર્ભિણી શ્રાવિકાનું વર્ત્તન.



જ્યારે શ્રાવિકા સગર્ભાવસ્થામાં પ્રાપ્ત થાય ત્યારે તેણીએ ઘણીજ સંભાળથી વર્ત્તવાનું છે. પ્રથમ તેણીએ પોતાની તદુરસ્તી જાળવવાને ખૂબ ધ્યાન રાખવું. ગર્ભિણીએ ચોખ્ખી હવામાં રહેવું. દરરોજ ખુલ્લી હવામાં હરવાફરવાની ટેવ રાખવી. તેમ કરવાથી તેણીના શરીરને કસરત મળે છે, તેથી તે સહેલાઇથી બાળકનો પ્રસવ કરી શકે છે. ગર્ભિણી સ્ત્રીએ ગૃહકાર્ય કર્યા કરવું. આળસમાં પડ્યાં રહેવું નહીં. પોતાની શક્તિ ઉપરાંત થાક લાગે તેવું કામ કરવું નહીં. જેમાં શરીર વાંકુ વળે તેવું કામ કરવું નહીં. વાંકુ વળીને ભારે ચીજ ઊંચકવી નહીં. પેટ ઉપર દબાણથાય તેવું કામ કરવું નહીં. ભારે પડતો અજીર્ણ થાય તેવો ખોરાક લેવો નહીં. તાણીને મિષ્ટાન્ન ખાવા નહીં. જો તેમાંથી અજીર્ણ કે ઝાડો થાય તો ગર્ભને નુકસાન થવાનો સંભવ છે. અને કોઈ કોઇ વાર તેમાંથી કસુવાવડ પણ થઇ જાય છે. ટાઢો ખોરાક, તથા તેલવાળા અને મરચાથી વઘારેલા શાક ખાવાં નહીં. જેટલો પચી શકે તેટલો ખોરાક લેવો. પચી શકે તેટલો પૌષ્ટિક ખોરાક લેવો. ઉપવાસ કે લાંઘણ કરવી નહીં. કારણ કે, તેથી પોષણને માટે વલખા મારતો ગર્ભ ફરકતો નથી. જે ખોરાક લેવો તે નિયમિત રીતે લેવો. ભાવા અભાવામાં મનને વશ રાખવું. જે પદાર્થ શરીરને કુપથ્ય હોય તેનો ત્યાગ કરી દેવો.

અનનાગુધી હલકો ખોરાક લેવો. તેમાં જે ગર્ભિણી શરીરે પુષ્ટ અને બળવાન હોય તેણે તો કાંજી, દૂધ, ઘી અને વનસ્પતિના હલકા ખોરાક ઉપર રહેવું—અને ગરમ ખોરાક લેવો નહીં. અનર્થ એ ખારૂં, કાચો મેવો, અતિ ખાટું, અતિ તીખું, લુખું, ભારે, અતિ કડવું, ઉધું, વાસ મારતું, વાયડું, અકાળે ગંધેલું અને મોરેલું એવું કંઈ ખાવું નહીં. તે સિવાય સોપારી, ચાહ, બીડી, પાન, તમાકુ અને કેફવાળું વગેરે પણ ખાવા નહીં. ગર્ભિણીએ સખ્ત જુલાબ લેવો નહીં. કંઈક વ્યાધિ થાય તો પણ સખ્ત દવાઓ કરવી નહીં.

કેળવાએલી સગર્ભા બાળિકાએ શરદીથી પોતાના શરીરને બચાવવું, ઉજાગરો કરવો નહીં. વેહેલા સુવું, અને વેહેલા ઉઠવું. મનમાં ફીકર કે દીલગીરી રાખવી નહીં. અને ઉશ્કેરાટ તેવું કામ કરવું નહીં. ભયંકર દેખાવો અથવા ભયંકર અકસ્માતો જોવાં નહીં. કોઈ બીજી ગર્ભિણીને પ્રસવ થતો હોય, ત્યાં જવું નહીં. શાંત પ્રકૃતિ રાખી રહેવું, નાલાયક અને વિકાર ઉત્પન્ન થાય તેવી વાતો કરવી નહીં. મન રંજન થાય, તેવી વાતો કરવી. ધર્મ તથા નીતિની વાતો સાંભળવી. મનમાં હિંમત રાખવી, નિયમસર વર્તવું, અલંકારો ધારણ કરવા, પતિ ઉપર પ્રેમ રાખવો, ધર્મની ક્રિયામાં પ્રીતિ રાખવી. દેવગુરૂના દર્શનમાં પ્રેમ રાખવો, પવિત્રતા રાખવી, મધુર વચનો બોલવાં, જિનભક્તિમાં તત્પર રહેવું, ધર્મ તથા નીતિના બોધક પુસ્તકો વાંચવા, સુગંધી ચંદન, પુષ્પમાળા અને તિલક ધારણ કરવા. સ્વચ્છ ઘરમાં વસવું. પરોપકાર તથા દાન કરવા, સાધર્મી સેવા આચરવી, ગુરૂજન-વડિલ વર્ગની મર્યાદા સાચવી સેવા કરવી. શરીરે સૌભાગ્યદર્શક ચિન્હો ધારણ કરી રાખવા, સુંદર સારા પોશાક પેહેરવા, સ્વચ્છ અને કોમળ શય્યાપર શયન કરવું, તથા બેસવું, સારી ગુણવાળી વસ્તુઓપર રૂચિ કરવી, ધાર્મિક, નીતિમાન અને પરાક્રમી

જૈન સતીઓના ચરિત્રો વાંચવા અને તેનું મનન કરવું. અને પોતાના ઉદરમાં રહેલા ગર્ભને માટે તેવી સારી ધારણા બાંધવી. પોતાના શયનગૃહમાં અથવા ઓરડામાં ધાર્મિક અને નીતિમાન્ પવિત્ર નરનારીઓના ચિત્રો રાખવા અને તેમને જોઈ હૃદયમાં સારીસારી ભાવના ભાવવી, જિનેશ્વરના સ્તવનો, નીતિના ગીતો અને રસિકરૂપ કવિતાઓ ગાવી તથા સાંભળી મનને સદા આનંદિત કરવું. જેથી મનમાં શોક, ઉદ્વેગ, અતિહર્ષ કે ઉશ્કેરણી થાય તેવું જોવું નહીં. તેમ સાંભળવું નહીં. ગંદુ રહેવું નહીં, વાદવિવાદ કરવો નહીં, દુર્ગંધથી દૂર રહેવું, ખામી–ખોડવાળા, કદ્રૂપા, અને અપંગ રોગી માણસોના સંપર્કમાં આવવું નહીં, તેમ તેમને જોવાં નહીં. ઘરમાં એકાકી રહેવું નહીં, સ્મશાનમાં કે કોઈ બીજા શૂન્યસ્થાનમાં જવું નહીં, ગુસ્સો કરવો નહીં. ઊંચે ચઢવું. વાહનપર બેસવું, ઊંચે સ્વરે બોલવું, કૂદ કરવો, વેગથી ચાલવું, દોડવું, કૂદવું, ઉભડક પગે બેસવું, ખાંડણીઆ કે સાંબેલાપર બેસવું, દિવસે ઉંઘવું, વિષય સેવવો, [illegible] દૂરથી ચાલવી, વૃક્ષ નીચે આસન કરવું, ક્લેશ કરવા, અંગ મરોડવું. ઊલટી કાઢવું. નખવડે ભૂમીમાં લિંટા કરવા, અમંગળ તથા આક્રોશ વચનો, બોલવા, બહુ હસવું, છુટા કેશ મુકવા. પેટ બાંધવું, કોપ કરવો, જૂઠ–કપટ કરવું, ચોરી કરવી. જુગાર રમવો. મિથ્યાવાદ કરવો. ઈર્ષ્યાદિક કરવી અને કુસંગ કરવો—એ બાબતો મનમાં આર્તધ્યાન કરાવે છે. કારણકે, મનમાં અસ્થિર એવા દુરાચારને લાવે છે, તેથી તેના ઉદરના ગર્ભને હાનિ થાય છે. ગર્ભ બાળ અવસ્થામાં હોવાથી માતાની વર્તણૂક ઉપર આધાર રાખે છે; તેથી મનમાં આર્તરૌદ્ર ધ્યાન ત્યાગી શુદ્ધ ધર્મમાં રાખવું ઇત્યાદિ.

— — —



બાળરક્ષણના પંદર પ્રકાર.



1 બાળકનો જ્યારે જન્મ થાય છે, ત્યારે નાળનો એક છેડો ઓર સાથે વળગેલો હોય છે. તે નાળને નાભિથી અઢી ઇંચને છેટે કરતું, સુંવાળું કપડું કે રૂ વીંટી એક દોરાથી મજબૂત બાંધી લેવું, પછી ઓર તરફનો નાળનો છેડો કાપી નાખવો. જે બાકી અઢી ઇંચનો નાળનો કડકો બાંધેલો રહ્યો, તેને પેટ ઉપર રાખી તે ઉપર એક સુંવાળા લુગડાનો પાટો બાંધી લેવો આમ બાંધવાથી નાળની સંભાળ બરાબર રહી શકે છે. અને તેથી પેટને ટેકો ફક્ત મળે છે. અને પેટમાં વાયુનો વધારો થતો નથી. તેમજ નાળને કસ્તું લુગડું દોરાથી બંધાય છે, તેથી બાળકના શરીરમાં જે રૂધિર ફરે છે, તે નાળ દ્વારાએ બહાર નીકળી શકતું નથી. કારણ કે રૂધિર એ બાળકનો પ્રાણ છે, તેથી જો રૂધિર વહી જાય તો બાળક મરી જાય છે. જો નાળ ઉપર ઘા પડવાથી લોહી નીકળતું હોય તો તે ઉપર કાથો ભીંજી વાટીને ભભરાવવો અથવા ચણાનો લોટ ભભરાવવો. અથવા કરોળીયાનું પડ દાબવું. કેટલાએક નાળનો દોરો બાળકના ગળામાં નાખે છે, તેમાં વખતે બાળકનો હાથ આડો અવળો ભરાઈ જાય છે, તો તેને વળી પીડા થાય છે. કદાચ તે ખેંચી પડે અથવા તુટી પડે છે અને તેથી બાળકનું અચાનક મૃત્યુ થઈ જાય છે; માટે ગળામાં દોરો રાખવો—એ ઘણું જ નુકશાન કારક છે; તેથી નાળને પેટ ઉપર પાટાથી બાંધવું એ ઉત્તમ છે. પછી ચાર પાંચ વાસા થાય એટલે તે નાળ એની મેળે ખરી પડે .. તેને ખેંચી કાઢવું નહીં. જો કદિ નાળ પાકે તો તે ઉપર કલઈ સફેતો ચોપડવો અને તે મોજ

હોય તો તેલમાં અફીણ ઘસીને ચોપડવું. અને તે ઉપર અફીણના ડોડાનો શેક કરવો.

૨ બાળરક્ષણના બીજા પ્રકારમાં બાળકને ન્હવરાવવાનું આવે છે. નાળચ્છેદન કર્યા પછી બાળકને ફ્લાલીન, ધાબળી કે બનાત વગેરે ગરમ કપડાપર અને ટાઢનો વખત ન હોય તો સુંવાળું વસ્ત્ર ઓઢાડી માંચીપર સુવારવું. પછી બાળકની માતાની સંભાળ લેવી. પછી તરત જન્મેલા બાળકના શરીરપરજે ચીકણો પદાર્થ ચોટેલો હોય તેને સાફ કરવાને પ્રથમ શરીર ઉપર તેલ ચોળવું, પછી સાબુ લગાડી નવસેકા પાણીથી ધીમે હાથે ન્હવરાવી સાફ કરવું, તે વખતે તેની આંખમાં કોઈ પદાર્થ ન જાય તેની સંભાળ રાખવી. તે પછી તેને રોજ ન્હવરાવ્યા કરવું. ન્હવરાવવાનો વખત પ્રાતઃકાળનો ઉત્તમ છે. પ્રથમ રોજ તેલ ચોળ્યા પછી, માથે પાણી રેડી તેને ધોઈ ત્યાર પછી શરીરે સાબુ ચોળી તેને કેડસમા પાણીમાં ઉભું રાખવું અગર બેસારવું. તે વખતે સાધારણ ગરમ પાણી કરી ચોળીને તેને ન્હવરાવવું. વળી ન્હવરાવવાને માટે પાણી નવસેકું કરીનેજ ન્હવરાવવું, વધારે ગરમ કરી તેમાં ટાઢું પાણી રેડવું નહીં. બનતા સુધી માથા ઉપર ગરમ પાણી રેડવું નહીં માથે તો ટાઢું અથવા જરા ગરમ પાણીજ રેડવું, એથી મગજની પ્રકૃતિ સારી રહે છે. બાળકને સ્નાન કરાવવામાં પાંચથી દશ મીનીટનોજ વખત થવો જોઈએ. વધારે વખત લગાડવાથી બાળકને શરદી થઈ જાય છે. બાળકને ન્હવરાવ્યા પછી ધીમે હાથે તેનું શરીર કોરું કરવું, કોરું કરતાં ચામડી ઘસાય નહીં. તેની સંભાળ રાખવી. પછી તરતજ તેને સ્વચ્છ કોરાં વસ્ત્ર પહેરાવી દેવાં. જ્યારે તેને બીજે માસ બેસે એટલે પાણીમાં એ મુઠી મીઠું નાખી તેને ન્હવરાવવું. તેથી બાળકના શરી-

રેમાં બળ આવશે. જ્યાં પવન આવતો ન હોય, તેવા સ્થળમાં ન્હવરાવવું, તેના વાળ રોજ ધોવા. જો પુત્રી હોય તો સાત આઠ રોજે ધોવા. જ્યારે બાળકની વય ચાર પાંચ વર્ષની થાય, ત્યારે તેને ટાઢા પાણીએ ન્હવરાવવાથી વધારે ફાયદો છે. કદિ શીત ઋતુ હોય તો નવશેકું પાણી કરવું, પણ બનતા સુધી બીજી ઋતુમાં ટાઢા પાણીએ ન્હવરાવવાનો મહાવરો રાખવો એ ઉત્તમ છે. ગરમ પાણીથી શરીર ઢીલું પડી જાય છે અને ટાઢા પાણીથી શરીરમાં વિશેષ સ્ફુરણા આવે છે. તેમજ ગરમાવો તથા બળ વધે છે તેથી બાળક શરીરે મજબૂત થાય છે.

૩ બાળરક્ષણનો ત્રીજો ઉપાય વસ્ત્ર ધારણ છે. બાળકને ઋતુને અનુકૂળ વસ્ત્ર પહેરાવવાં. શીત અને વર્ષાઋતુમાં ગરમ અને ઊનાળામાં સુતરાઉ વસ્ત્રો પહેરાવવાં. જો ઋતુ પ્રમાણે વસ્ત્રો પહેરાવવામાં ન આવે તો તેની તંદુરસ્તી બગડે છે અને વ્યાધિ થાય છે. વળી તેને વસ્ત્રો તંગી કરી પહેરાવવાં નહીં. શરીરને તંગી કપડાં પહેરાવવાથી રૂધિરનું અભિસરણ થતું નથી. આથી વ્યાધિ થાય છે અને શરીરના અવયવો વધી શકતા નથી. તેથી મોકળાં લુગડાં પહેરાવવાં—એ ઉત્તમ છે. તે વસ્ત્ર સ્વચ્છ અને સફાઈદાર હોવાં જોઈએ. ગંદા ન હોવા જોઈએ. બાળકના વસ્ત્ર ઉપરથી માતાની સુઘડતા જણાઈ આવે છે. બાળકને હરવા ફરવા લઈ જવું હોય ત્યારે ગરમ કપડાં પહેરાવવાં. ઠંડીના વખતમાં પગમાં મોજાં અને કાનટોપી પહેરાવવી. મળ મૂત્રથી ભીંજાયેલાં કપડાં તરત બદલાવી નાખવાં. તેને શીયાળામાં કે ચોમાસામાં ખુલ્લી હવામાં ફેરવવા લઈ જવું. તે વખતે નેત્ર તથા મુખ સિવાય બાકી બધું અંગ ગરમ કપડાંથી ઢાંકી રાખવું. પગ, છાતી અને પેટ હમેશાં ગરમ રાખવાં. તેને ઠંડા થવા દેવાં નહીં. ઉનાળામાં બહુ પસીનો થાય, તેવાં કપડાં પહેરાવવાં

નહીં. તે વખતે ઝીણાં વસ્ત્રો પેહેરાવવા જોઇએ. ઘણો પસીનો થવાથી શરીર નબળું થઈ જાય છે. બાળકની ચામડી નાજુક અને ગુંવાળી છે, માટે કપડાં સુંવાળાં અને પોચાં પેહેરાવવાં. બાળકને લીલા રંગેલાં કપડાં પેહેરાવવાં નહીં, કારણકે વખતે બાળક તેવું વસ્ત્ર મુખમાં નાખે તો તે ઝેરી રંગ હોવાથી તેમાં નુકસાની થાય છે. જેમ બને તેમ ભભકા અને ટાપટીપવાળાં વસ્ત્રો ઉપર મોહ ન રાખતાં સ્વચ્છ અને સુખાકારીવાળાં કપડાં પેહેરાવવાં. જો બાળકો શીયાળામાં ઉઘાડે શરીરે ફરે છે તો તે કદમાં ઠીંગણાં અને બુસ્સા વગરના થાય છે. ઉનાળામાં ઉઘાડે શરીરે ફરવાથી કાળાં થાય છે, લુ લાગે છે અને તેથી માંદા પડે છે. ચોમાસામાં ઉઘાડા રહેવાથી શરીરે શરદી લાગે છે. આથી તેવી રીતે તેમને નહીં રાખવા. જો તેમ રાખવામાં આવે તો તેમના શરીરમાં અનેક જાતના રોગો પેદા થાય છે. વળી બાળકોના શરીર ઉપર સૂર્યનું અજવાળું પડે તેમ કરવું, કારણકે, સૂર્યનો પ્રકાશ બાળકને ઘણો ફાયદો કરે છે. જે માબાપો લોભને વશ થઈ બાળકોને પેહેરાવવામાં વસ્ત્રની તંગી રાખે છે, અને ઉઘાડાં ફેરવે છે, તેથી તેમના શરીરની ગરમી ઓછી થવાથી તેને વધારે ખોરાક લેવો પડે છે. એટલે જેટલો ખર્ચ લુગડામાં ઓછો કરે છે, તેટલો ખર્ચ તેના ખોરાકમાં વધે છે—એટલે સરખે સરખું થઇ રહે છે. અને નફામાં તો બાળકનું શરીર બગડે છે, તેથી બાળકોને ઋતુને માફક આવે તેવાં કપડાં પેહેરાવવાં.

૪ બાળરક્ષણનો ચોથો ઉપાય બાળકને ધવરાવવાનો છે. બાળક જન્મે કે તુરત તેને નહીં ધવરાવતાં માતા જ્યારે વિશ્રાંત થાય, ત્યારે ત્રણ ચાર કલાકે તેને ધવરાવવું. કેટલાએક એક બે રોજ બાળકને ધવરાવતા નથી ગલથુલી ચટાડે છે, આ રીત સારી ગણાતી નથી. બાળકને તો માતાનું ધાવણજ સર્વોત્તમ છે. માતાનું તાજું દૂધ રેચક

હોવાથી બાળકને જરા રેચ લાગે છે એટલે ગર્ભસ્થાનમાં બાળકના પેટના આંતરડામાં ભરાઈ રહેલા કાળા મળ દૂર થઈ જાય છે આથી મિજાજ ફાયદો થાય છે. વળી જે બાળકને એક બે દિવસ ધવરાવે નહીં તો માતાના સ્તનમાં પાનો આવવાથી સ્તન દૂધથી ભરાઈ જઈ પાકી આવે છે. તેથી પ્રથમથીજ બાળકને ધવરાવવું, એ ઉત્તમ છે. કદિ જો માતાને કોઈ કારણથી ધાવણ ન આવતું હોય તો ગાયનું દૂધ અને તેથી અડધું નવસેકું પાણી તેમાં નાખી જરા ગળપણ થાય તેટલી સાકર નાખી તે બાળકને થોડું થોડું પાવું. તેમાં પ્રથમ સાકર ને પાણી મેળવી પછી તેમાં દૂધ નાખવું એટલે તે મિશ્રણ માતાના દૂધને મળતું થાય છે. તેમજ કલાકે બાળકને પાવું. પણ જ્યારે માતાના સ્તનમાંથી ધાવણ આવે ત્યારે તે બંધ કરી સ્તનપાન કરાવવું. તે બન્ને સ્તને વારા ફરતી ધવરાવવું. જો એકજ સ્તને વધારે ધવરાવવામાં આવે તો સ્તન ઉપર સોજો ચઢે છે. વળી બાળકને ધવરાવવામાં નિયમ રાખવો. વારંવાર ધવરાવવું નહીં. જો નિયમ વિરૂદ્ધ ધવરાવવામાં આવે તો બાળકને અજીર્ણ રહે છે અને તેથી તે રોગાધીન થઈ જાય છે. કેટલીકવાર અજીર્ણ થવાથી અથવા વિશેષ ધાવણ પેટમાં આવતાં ઉલટી થવાથી બાળક રોવા માંડે છે, ત્યારે તેના રોવાનું કારણ નહીં સમજનારી માતા તેના મુખમાં સ્તન આપી તેને છાનું રાખવા કરે છે, પણ તે તેની ભુલ છે. એમ થવાથી બાળક અને તેની માતા બન્ને શિથિલ થઈ જાય છે. તેમ વળી કેટલીએક અજ્ઞ માતા બાળકના મોંમાં સ્તન આપી તેને ઉંઘવા દે છે. તે પણ નુકશાન કર્તા છે. તેમ કરવાથી બાળકના મુખના ચાંદા પડી જાય છે.

નવા આવેલા બાળકને નિયમસર સ્તનપાન કરાવવું. પહેલે માસે દર દર કલાકે, બીજે માસે બબે કલાકે, ત્રીજે માસે અઢી અઢી કલાકે અને ચોથે માસે ત્રણ ત્રણ કલાકે બાળકને ધવરાવવું. તે

પછી દરેક માસે અડધા અડધા કલાકનો અંતર વધારતાં જવો. જ્યારે બાળકની વય સાત આઠ મહિનાની થાય ત્યારે તેને ત્રણ ચાર કલાકે ધવરાવવાનો નિયમ રાખવો. બાળકને સ્તનપાન કરાવવાની અવધિ ત્યાંસુધીજ છે. તે પછી વધારે વખત સુધી ધવરાવવું, એ બાળકને નુકશાન કર્તા છે. પ્રસુતા સ્ત્રી બાળક સાત આઠ મહિનાનું થાય ત્યાંસુધી રજસ્વલા થતી નથી. જ્યારે તે રજસ્વલા થાય છે, ત્યારે તેના ધાવણમાં ફેરફાર થઇ જાય છે. એટલે રજોદર્શન થયા પહેલા જેવું ધાવણ પુષ્ટિકારક છે, તેવું પછી હોતું નથી, તેથી તે ધાવણ બાળકને નુકશાન કરનારૂં, માટે બાળકને આઠ નવ માસ સુધી સ્તનપાન કરાવવું છે, ઉત્તમ છે, પછી ધીરે ધીરે તેને ઓછું કરી સાથે ખોરાક આપતાં જવો એટલે બાળક સ્તનપાનમાંથી મુક્ત થઈ જશે.

માતાએ બાળકને ધવરાવતી વખતે ઘણી સંભાળ રાખવાની છે. તે વખતે માતાએ પોતાના હૃદયમાં ધીરજ, ઉમંગ, શાંતિ અને આનંદ રાખવા. તેમ વળી બાળકના મુખને નિરખતાં જવું. સ્તનપાન કરાવ્યા પછી સ્તનને લુંછી સાફ કરવાનો નિયમ રાખવો, જો તે નિયમ નહીં સચવાય તો સ્તન ઉપર ચાંદા પડી જાય છે. સ્તનપાન કરાવ્યા પછી બાળકને હસાવવું તથા રમાડવું અને સ્તનમાંથી જરા દૂધ કાઢી નાખવું, ને પછી બાળકને માથે હાથ રાખી ધવરાવવું—એ ઉત્તમ છે. કોઈવાર બાળકને મારી પછાડી ગુસ્સે થઈ ધવરાવવું નહીં. કારણકે તે વખતે હૃદયમાં કંટાળો તેમજ મન ઉશ્કેરાયેલું હોવાથી માતાના સ્તનમાં દૂધ બગડેલું હોય છે. તેવું બગડેલું દૂધ જો બાળકના ધાવવામાં આવે તો તેને તે વિષ સમાન થઇ પડે છે.

૫ બાળ શિક્ષણનો પાંચમો પ્રકાર બાળકનો ખોરાક છે. ગૃહ શ્રાવિકા માતાએ પોતાના બાળકને તાજો, હલકો, ગરમ થોડો અને માફક આવે એવો પૌષ્ટિક ખોરાક આપવો. ખોરાકમાં હમેશાં ગાયનું

વખતે બાળકને હસવા કે વાતો કરવા દેવી નહીં. સૂના પહેલાં અ
લાક અગાઉ ખોરાક આપવો. અને ઊંઘી ઉઠ્યા પછી એક ક
ખાવા દેવું અને ખાધા પછી કારણ હોય તો એક કલાકે સુવા દે
આ પ્રમાણે વર્ત્તવાથી બાળક તંદુરસ્ત અને બળવાન થાય છે. વ
બાળકને ટાઢું કે બગડી ગયેલું ખાવા દેવું નહીં. એથી તેની તબીયત
નુકશાન થાય છે. જો તેને ભુખ લાગી ન હોય તો આગ્રહ કરી
વરાવવું નહીં. અલ્પ અથવા વિશેષ ખાવાને માટે કહેવું નહીં. હ
શાં બાળકને તેની રૂચિ પ્રમાણે ખાવા દેવુ તેમાં ખાસ યાદ રાખવું
જે ખોરાક પુષ્ટિકારક હોય, તે વજનમાં થોડો ખાઈ શકાય છે અને
ખોરાક પુષ્ટિકારક ઓછો હોય તે વજનમાં વધારે ખાઈ શકાય
તેથી શ્રાવકમાતાએ પોતાના બાળકને વજનમાં ઓછો પુષ્ટિકારક ખોર
ક આપવો. જો પુષ્ટિકારક ખોરાક વજનમાં વિશેષ આપવામાં આ
તો બાળકનુ બળ ઓછુ થઇ જાય છે અને તેના શરીરની વૃદ્ધિ થત
નથી,અને વ્યાધિ ઉત્પન્ન થાય છે.

૬ બાળશિક્ષણના છઠા પ્રકાર તેને નિદ્રા આવવાની સંભાળ રાખ
વાનો છે. બાળકને નિદ્રા આવવાથી તેનું શરીર પુષ્ટ અને તંદુરસ્
થાય છે. મોટી વયના માણસના કરતાં બાળકને વિશેષ નિદ્રાની જરૂર છે
તેમાં પણ જ્યાં સુધી બાળક તદન બાળ વયનું હોય ત્યાં સુધી
તેને માતાની સોડમાં સુવાની જરૂર છે. કારણ કે, તેના તેને માતાન
ગરમી મળે છે. તે ગરમી બાળકને પુષ્ટિ આપે છે. માતાએ બાળકને
પડખામાં સુવારતી વખતે ઘણી કાળજી રાખવાની છે. કદિ પડખુ
ફેરવતાં બાળક કચરાઈ જાય નહીં કે તે રડતું રડતું માતાના પડખા
નીચે આવે નહીં. તેમ માતાએ બાળકને સુતા સુતા ધવરાવવું નહીં
તેથી નિદ્રાને પરવશ થયેલી માતાની પાસે બાળક ઊંઘું પડી
ગુગળાઈ મરણ પામી જાય છે. બાળકને સવારેમાં વધારે રાત્રે આ

અથવા ત્રણ કલાક ઊંઘવાની જરૂર છે. તેમાં પણ ગમે તે ત્રણ ચાર ઘડીને પાંચ વાગે ઉઠે તેમ થવું જોઈએ. ઓછામાં ઓછી બે કલાક તેને બપોરની નિદ્રા મળવી જોઈએ. વળી બાળકને ભર ઊંઘમાંથી જગાડવું નહીં ઊંઘમાંથી જગાડવું—એ તેની તંદુરસ્તીને નુકશાન કર્તા છે. જેમાં સ્વચ્છ હવા અને બારૂ અજવાળું હોય, તેવા ઘરમાં બાળકને સુવાડવું તે વખતે ઘરના બારણાબારીઓ બંધ કરવા નહીં. તેમજ તેની આસપાસ ગંદકી કે અંધારૂં ન હોવી જોઈએ. વળી બાળકને ખોળામાં ઉંઘાડવાની ટેવ પાડવી નહિ, તેમજ પાળીઆમાં કે પારણામાં બળાત્કારે હીંચકાવી, મારીને ડરાવી ઉંઘાડવું નહિ અને બાળગોળી કે અફીણ જેવી નુકશાન કર્તા ઝેરી વસ્તુ ખવરાવી સુવાડવું નહીં. જ્યારે તેને કુદરતી રીતે નિદ્રા આવે ત્યારે સુવાડવું. ખોરાક આપ્યા પછી હસાવી, રમાડી અને કુદાવી તેના કોમળ શરીરને કસરત મળે તેમ કરી તથા મધુર હાલરડા ગાઈ તેનું મનરંજન કરી શાંત રીતે સુવાડવું. આવી રીતે સુવાડવાથી બાળકનું શરીર ઘણુંજ તંદુરસ્ત થાય છે. જો બાળક ઉંઘે નહીં અને હીબકાંનાં ફક્ત રોયા કરે તો તેના શરીરમાં કંઈ દરદ છે, એમ જાણી તેના યોગ્ય ઉપાય કરવા ફેરૂ બનતાં સુધી તેને પરાણે ઉંઘ લાવવાને ઔષધોપચાર કરવા નહીં. બાળકને સુવાને માટે બીછાનું અતિ કોમળ કે અતિ કઠણ રાખવું નહીં. સામાન્યપણે રાખવું. સુતી વખતે બાળક જેમ પોતાના પડખાં ફેરવે તેવી તેને ટેવ પાડવી. ઝાઝાંના કરતા તેને પારણામાં સુવાડવું વધારે ઉત્તમ છે. બાળક ઉઠયા પછી તેનું બીછાનું બારણની હવા લાગ્યા પછી સંકેલવું. તરત બંધ કરવું નહીં. તેના બીછાનાને તડકે નાખવું. તેની અંદર જીવ કે માકડ પડે નહીં. તેની સંભાળ રાખવી. જો બીછાનું મળ મૂત્રથી ભરેલું રહે અથવા ભીનું રહે તો તેથી બાળકને શરદી લાગી જાય છે.

૭ બાળરક્ષણનો સાતમો પ્રકાર તેને કસરત કરાવાનો છે. જો

બાળકના શરીરને કસરત મળે છે તો તેના શરીરનું રૂધિર નિયમસર બધી નસોમાં ફરી વળે છે, અને ખાધેલા ખોરાકનો રસ તેના બધા શરીરને સારૂં પોષણ આપે છે. તે સાથે પાચન શક્તિ વધે છે અને સ્નાયુનું સંકોચનપ્રસરણ થવાથી રૂધિરનો મલિન પદાર્થ પસીના વાટે બાહેર નીકળે છે; તેથી તેના શરીરનો બાંધો મજબુત થાય છે, નિદ્રા આવે છે અને શરીરમાં આરોગ્ય તથા શૌર્ય વધે છે. બાળકને નિરોગી રાખવાને માટે કુદરતીજ તેના શરીરમાં કસરત થયા કરે છે. બાળક એક વર્ષ મોટું થાય ત્યારે તેને સવાર સાંજ ખુલ્લી હવામાં ફેરવવું. તે વખતે તેના શરીર ઉપર કપડાં રાખવાં. કેટલીકવાર તેને જમીનપર કાં તો બીછાનું પાથરી સુવારવું, હસાવવું, રમાડવું અને ફુલાવવું તેથી જેમ જેમ તે આમ તેમ પછાડા મારશે, તેમ તેમ તેના શરીરને કસરત આપ્યા કરશે. જ્યારે તે મોટું થાય એટલે ભાંખોડીઆભર થઈ ચાલશે એટલે કોઈ વસ્તુ દૂર ફેંકી તેની પાસે મંગાવવી એટલે તે મહેનત લેવા પ્રયત્ન કરશે આથી તેને સારી કસરત થશે. જ્યારે તે ચાલતાં શીખે ત્યારે તેને [illegible] અખાડા કરવા દેવું, પણ તેના શરીરને કાંઈ નુકસાન ન થાય, તેને માટે સંભાળ રાખવી. પછી જ્યારે તે [illegible] શીખે ત્યારે તેની ઈચ્છા પ્રમાણે રમત [illegible] નીતિના [illegible] દેવી નહીં. [illegible] નીતિના [illegible] છે, તેમને [illegible] સમજાવવામાં આવે છે, [illegible] નીતિના [illegible] છે. માટે તેવી [illegible] દેવી નહીં. [illegible] નીતિની [illegible] [illegible] આવે અને [illegible] દેવી [illegible] [illegible]

પગની પાટળી સંકોચાય છે અને દુઃખ પડવાથી વખતે વ્યાધિ થઇ આવે છે. કેટલાએક લોકો બાળકને ચલાવવામાં ઉતાવળ કરે છે, તે તેમની ભુલ છે. બાળક કુદરતી રીતે પોતાની મેળે ચાલવા શીખે તે ઉત્તમ ગણાય છે. જો તેને પરાણે ચાલવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેના કુમળા પગમાં જોર નહિ હોવાથી તે શરીરનો ભાર ઉપાડી શકતું નથી એટલે તેના પગ વાંકા થઇ જાય છે અથવા રાંટા પડી જાય છે. તેથી બાળકને ઘરમાં સ્વતંત્ર રીતે ચાલવા દેવું, અને તે વખતે તેના પગ ખુલ્લા રાખવા જેથી પગના તળીયા મજબૂત તથા કઠણ થાય છે અને પંઝા પોહોળા થાય છે.

૧૦ બાળરક્ષણનો દશમો પ્રકાર તેના મસ્તકની સંભાળ રાખવાનો છે. જેમ પગને ગરમ રાખવા સારા છે, તેમ મસ્તકને હમેશાં ઠંડું રાખવું સારૂં છે. જો મસ્તક ગરમ હોય તો તેને ટાઢા પાણીથી ધાર કરી ઠંડું કરવું. ધાર કર્યા પછી મસ્તક લુંછી કોરૂં કરી તેમાં ખૂપેલ તેલ ઘસવું. છોકરાના વાળ કતરાવવા અને છોકરીના વાળ પાંચ વર્ષ સુધી કતરાવવા, પછી તેના માથાપર ચોટલો રખાવવો. પાંચ વર્ષની થાય ત્યાંસુધી બાળક કે બાળકીને માથેથી વાળ ઉતરાવવા નહીં. જો અસ્ત્રાથી વાળ ઉતારવામાં આવે છે તો તેના માથામાં અનેક જાતના રોગ પેદા થાય છે. વાળવાળા બાળકને માથે ન્હવરાવતાં સહેલું. ન્હવરાવતી વખતે પ્રથમ મસ્તક ઉપર ઠંડા પાણીની ધાર કરવી પછી બીજા અંગ ઉપર ગરમ પાણી રેડીને ન્હવરાવવું. માથા ઉપર કદિપણ ગરમ પાણી રેડવું નહીં. પુત્રના વાળ હમેશાં ધોવા અને પુત્રીના વાળ આઠ દિવસે ધોવા. જો માથામાં ખોડો હોય તો તેનો યોગ્ય ઉપાય કરવો. કોપરેલ તેલ નાંખવું, તેથી વાળ સાફ થઈને વધે છે. તેમ તે વાળ ખેંચાય તેવી રીતે ઓળવા નહીં તેમ તા-

ફીને અંબોડો વાળવો નહીં. તેમ કરવાથી વાળ ખરી પડે છે અને મગજમાં વ્યાધિ થાય છે.

૧૧ બાળરક્ષણનો અગીઆરમો પ્રકાર તેના કાનની સંભાળ રાખવાનો છે. કાન એ ઘણી ઉપયોગી ઇંદ્રિય છે. તેને હમેશાં ગરમ રાખવા ઠંડા થવા દેવા નહીં. તેને ગરમ રાખવાને માટે કાનટોપી પહેરાવવી. જો કાનને શરદી લાગે તો તેથી કાનમાં ચસકા આવે છે અને વખતે કાન પાકી પડે છે. જો કાન દુઃખતા હોય તો તેમાં તેલ ઉનું કરી ટીપાં પાડવાં. જો કાન વહેતો હોય તો સમુદ્રફીણને તેલમાં ઉકાળી તેના ટીપાં પાડવાં. કાનને કદિપણ સળી વગેરેથી ખોતરવો નહીં, તેથી તે વખતે પાકે છે અને તેની ભારે પીડા થાય છે.

૧૨ બાળરક્ષણનો બારમો પ્રકાર શીતળાના રોગમાં તેની સંભાળ રાખવાનો છે. બાળકને અમુક વયમાં શીતળા ઓરી વગેરે ભયંકર રોગો થાય છે. એ રોગથી વખતે બાળક આંધળા, લુલા, કાણા, બહેરા અને કદરૂપા થઇ જાય છે. તેથી એ રોગમાં તેની ખરાબર સંભાળ રાખવી જોઇએ. જે ઠેકાણે એ ભયંકર રોગનો ઉપદ્રવ ચાલતો હોય, તેવે ઠેકાણે બાળકને લઇ જવા નહીં. જો બાળક એ રોગના ભોગ થઈ પડે તો ખોટવાળા થાય છે અને વખતે તેમાંથી મરણ નીપજે છે. તેથી એ ચેપી રોગથી સર્વદા બાળકને દૂર રાખવા જોઇએ. બાળકને અનુકૂળ ઋતુમાં શીતળા કઢાવી લેવા. શીતળા કઢાવાથી એ રોગની દેહશત રહેતી નથી. જો બે ચાર કઢાવ્યાં હોય તો તે તદન નીકળતાં નથી. શીતળા સાત સાત વર્ષે બે ત્રણ વખત કઢાવવા વધારે ઠીક છે. શીતળા કઢાવતી વખતે ચેપ લેવામાં ઘણીજ સંભાળ રાખવી જોઇએ. જે બાળકનો ચેપ લેવામાં આવે તે બાળક તાવ, ગુમડા વગેરે રોગવાળુ ન હોવું જોઇએ. પણ તે તંદુરસ્ત હોવુ જોઇએ. જેનો ચેપ લેવાનો હોય, તે બાળક જો ઉપર પ્રમાણે

રોગી હોય તો તેથી ઘણુંજ નુકશાન થાય છે. વળી બાળક જ્યારે શરીરે તંદુરસ્ત હોય ત્યારેજ તેને શીતળા કઢાવવા. જો તે નિર્બળ હોય તો તેને શીતળાની પીડા વધારે હેરાન કરે છે. શીતળા કઢાવ્યા પછી જ્યારે દાણા ભરાય ત્યારે તેને બીજી પીડા વર્તાય તોપણ દવા કરવાની જરૂર નથી. જો દાણા વધારે તાડ કરે તો તેની ઉપર ઘી ચોપડવું. દાણા ફુટ્યા પછી તેની ઉપર રાખ ભુંસવી એ પણ સારો ઉપાય છે; તેથી તેનીપર ભીંગડા વળી જાય છે. અને તરત આરામ થઈ જાય છે.

૧૩ બાળરક્ષણનો તેરમો પ્રકાર તેની આંખોની સંભાળ રાખવાનો છે. શરીરનો સર્વ આધાર આંખો ઉપર છે. જો બાળપણથીજ આંખોની સારી માવજત રાખવામાં આવીહોયતો તેની આખી જીંદગીમાં તેને કોઇ જાતના આંખના રોગ થતા નથી. જ્યારે બાળક ઉંઘીને ઉઠે ત્યારે તેની આંખો ઠંડા પાણીથી ધોવી જોઇએ. અને તેથી નેત્રનો મળ દૂર કરવો જોઇએ. ઠંડા પાણીએ નિત્ય આંખો ધોવાથી તેજ વધે છે, ઠંડક વળે છે અને ગરમી ઓછી થાય છે. જો નેત્રને સારી રીતે ધોવામાં ન આવે તો તેથી ઘણુજ નુકશાન થાય છે. આંખમાં હમેશાં સારૂં અંજન આંજ્યા કરવું. તેથી આંખ ઉઠતી નથી. આંખ ઉઠવી એ ચેપી રોગ છે, તેથી જે બાળકની આંખો ઉઠી હોય, તેવા બાળક પાસે તેને લઇ જવું નહીં. તેમ કરતાં જો કોઇ કારણથી આંખ ઉઠી આવે તો તેને માટે બરાબર સભાળ રાખી તેનો ઉપાય કરવો.

૧૪ બાળરક્ષણનો ચોદમો પ્રકાર તેને બધી જાતના ચેપી રોગથી દૂર રાખવાનો છે. રાતો તાવ. ઓરી, અછબડા, શીતળા, ગાલપચોરીયાં, ઉટાટીયું, ગળગુમડું, દાદર, આંખ ઉઠવી, કોલેરા અને મરકી એ બધા ચેપી રોગ ગણાય છે. જ્યાં તેઓ માંદેલો કોઈ રોગ હોય, ત્યાં બાળકને લઇ જવું નહીં. અથવા જેને એ રોગ લાગુ પડ્યો હોય,

તેવા માણસની પાસે બાળકને લઇ જવું નહીં. આ વખતે બાળકની ઘણીજ સંભાળ રાખવાની છે.

૧૫ બાળ રક્ષણનો પંદરમો પ્રકાર બાળ લગ્નનો અટકાવ કરવો તે છે, બાળપણમાં બાળકને પરણાવવા, એ તેની જીંદગીને નુકશાનકારક છે. પ્રથમ તો લગ્ન કર્યા પછી બાળક પોતે સંસારની ચિંતામાં પડે છે અને તેથી તે વિદ્યાભ્યાસ કરવાને અશક્ત થઇ પડે છે. જ્યારે વિદ્યાભ્યાસ ન થઈ શકે એટલે તે સારી સ્થિતિએ ન આવવાથી તેનો ગૃહ—સંસાર દુઃખરૂપ થાય છે. પછી બાળવયમાં વિવાહિત થયેલા બાળકશિશુ વયમાં પૂરા આવ્યા વિના કાચી વયમાંજ વિષય સેવન કરવાથી તેમના શરીરના બાંધા શિથિલ થઈ તુટી જાય છે અને તેથી તેઓ શરીરે નબળા, પીળા, ફીકા, પાતળા અને રોગી થયા કરે છે. પછી તેમના આયુષ્યનો ક્ષય જલદી થઇ જાય છે. આવા સ્ત્રી પુરૂષોની પછી જે પ્રજા થાય છે, તે ઘણીજ નિર્વીર્ય અને નિર્માલ્ય થાય છે. તેથી સુજ્ઞ શ્રાવક માતાપિતાએ હમેશાં બાળ લગ્નથી દૂર રહેવું. પુત્રની વય બાવીશ અથવા વીશ વર્ષની થાય અને પુત્રીની વય તેર કે ચૌદ વર્ષની થાય ત્યારે તેમના વિવાહ કરવા યોગ્ય છે. તેટલી વયના તરૂણ બાળકો જ્યારે [illegible] છે, ત્યારે તેઓ મજબુત, કદાવર, [illegible] અને [illegible] થાય છે. અને પછી તેમની પ્રજા પણ તેવી [illegible] થાય છે. પૂર્વે જૈન ચરિતાનુયોગમાં શ્રાવક રાજપુત્રો, શ્રાવક વણિકપુત્રો અને [illegible] કુમારોના ચરિત્રો વાચતાં જણાય છે કે, પૂર્વે [illegible] બુદ્ધિબળ વાળા જે પુરૂષો થતા હતા, તેનું [illegible] બાળ લગ્નનો કુરીવાજ ન હતો [illegible] . તે વખતે [illegible] અને વર કન્યાને સારા લક્ષણોથી [illegible] અને [illegible] પરીક્ષા કરી વિવાહ

બા. ક. ની—

સંબંધમાં જોડતા હતા. આથી દરેક શ્રાવક માતા પિતાએ પોતાના સંતાનોના બાળ લગ્ન કરવાં નહીં.

આ પ્રમાણે બાળ રક્ષણના પંદર પ્રકારને યાદ રાખી શ્રાવક માતાએ પોતાના બાળકની સંભાળ રાખવી કે જેથી તે બાળક પોતાના જીવનમાં સર્વ રીતે સુખી થાય.



શિખે છે. તેથી તેના જીવનનો પાયો ત્યાંથીજ બંધાય છે. સ્ત-
નપાનથી આરંભીને યૌવનવય સુધી બાળકનું શિક્ષણ માતાની
ઉપરજ આધાર રાખે છે. બાળકને જન્મતાં વેંતજ માતાની
પાસેથી શિક્ષણનો ક્રમ શરૂ થાય છે. સ્તનપાન કરવું, તેથી
માતાને ઓળખવી, અને માતાનો સ્વર ઓળખવો એ બધી
કેળવણી બાળક ક્રમે ક્રમે સંપાદન કરતો જાય છે.
આથીજ બાળકને સારા તરફ વાળવા ધ્યાનમાં રાખવું. જન્મ્યા
પછી સ્પર્શ, ઘ્રાણ વગેરે તેની ઇંદ્રિયો જેમ જેમ જાગ્રત થતી
જાય, તેમ તેમ તન, મન અને ઇંદ્રિયોના વધવા સાથે તેની [illegible]
[illegible] કરવાની શક્તિ પણ સાથેજ વધવા માંડે છે. આ સમય
તેના શિક્ષણને માટે [illegible] છે. સદ્ગુણી માતા
બાળકના શિક્ષણનો આરંભ [illegible] કરવાનો છે. પ્રથમ તો
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કરી એમ વર્તતા હોય તો બાળક તેવું કરતાં શીખે છે. વળી માબાપે વિનય અને મર્યાદાથી બાળકની સાથે વર્તવું અને તેને મધુર વચને બોલાવવું. જેમકે—"ભાઈ વિનયચંદ, બ્હેન અચરત આવો. જાઓ બાપુ દેહેરે દર્શન કરી આવો. ગુરૂને વંદના કરવા ઉપાશ્રયે જાઓ અને તમારા વિદ્યાગુરૂના પગમાં પડો." આવા આવા મધુર વચનોએ બાળકને બોલાવવાથી તેના હૃદયમાં ઉમંગ આવે છે અને તેની સારી અસર થાય છે. વળી તેવા મધુર વચનોથી બોલાવી બાળકની પાસે કામ કરાવવું, એટલે તે હોંશે હોંશે કામ કરશે અને તેથી તેને કામ કરવાની ટેવ પડશે. એથી કરીને પુત્ર અથવા પુત્રી ખરેખરાં આજ્ઞાંકિત બની જશે. કદિ બાળક પાસે કરાવતાં જો કાંઈ પ્રમાદથી તે કામ બગડે તો તેને ગાળો આપી નહીં ધમકાવતાં તેને ફરીવાર તેમ ન થવાને માટે સૂચના આપવી અને મધુર વચનોથી તેને સારી સમજુતી આપવી. આથી તે બાળક ફરીવાર તેવી ભુલ કરશે નહીં. તેમ કરતાં જો તે ફરીવાર એવી ભુલ કરે તો માતાએ પોતાના ચેહેરા ઉપર દિલગીરી દેખાડવી. અને તેને કહેવું કે, "બાપુ, આમ વારંવાર કરીશ તો આપણને નુકશાની થાય માટે હવેથી સંભાળીને કરજે." માતાના મુખ ઉપર ખેદ જોઈ બાળક જાણશે કે, મેં આ ખોટું કર્યું, હવે ફરીવાર કદિપણ તેમ કરવું નહીં. આ વખતે માતાએ મુખ ઉપર ઝાઝીવાર ખેદ ન બતાવતાં તરત હસી પડવું એટલે માતાનો ક્ષમા શીલ સ્વભાવ જોઈ તે બાળકના મનને ક્ષોભ નહીં થાય અને તેથી તેનામાં રીસાવાનો કે હઠ પકડવાનો દુર્ગુણ આવશે નહીં. પછી તે સદ્ગુણી બાળકને માબાપ જે જે શીખામણ આપશે તેમાં તે પુરતું ધ્યાન આપશે.

બાળકને અમર્યાદપણે કે અવિવેકે વર્તવાની કુટેવ પડવા દેવી

નહીં. કેટલાએક મૂર્ખ માબાપો બાળકને નઠારા પ્રવર્ત્તનમાં જોડે છે, તેથી બાળક દુર્ગુણી બની જાય છે. જેમકે, "બેટા ચિમન, આ તારા મામાને લાકડી માર. આ તારી બાને ગાળ આપ, આ તારા કાકાનો કાન પકડી લે." આવી આવી વિપરીત શિક્ષા આપનારા માબાપો પોતાના બાળકને દુર્ગુણી બનાવે છે, તેથી કદિ પણ હાસ્યમાં એવી નઠારી કુટેવ પાડવી નહીં. તેમજ અપશબ્દો, ગાળો અને જુઠું બોલતાં બાળકને શીખવવું નહીં. જો બાળકને કોઇ જાતની કુટેવ પડી તો પછી તે મોટપણે પણ જતી નથી. તેનું કડવું ફળ છેવટે માબાપને ચાખવું પડે છે. દુર્ગુણી સંતાનો તરફથી જ્યારે માબાપને મનાવણી થાય છે, ત્યારે તેમને ભારે પસ્તાવો કરવો પડે છે. આ વખતે તેઓ 'છોકરા બગડી ગયા' એમ કહી તેના અવગુણો ગાય છે. પણ તેનું મૂળ કારણ પોતેજ છે એવું તેઓ સમજતા નથી. તેથી [illegible] માતાપિતાએ જો પોતાને સુખી થવું હોય અને પોતાના સંતાનને સુખી કરવા હોય તો તેમનું પ્રથમથીજ [illegible] [illegible] બાળકની [illegible] બુદ્ધિના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેથી [illegible] [illegible] તેમની [illegible] બુદ્ધિ [illegible] થાય છે. [illegible] [illegible] [illegible] [illegible] બાળકથી [illegible] નથી. [illegible] [illegible] બાળકના [illegible] તેમની [illegible] અને [illegible] છે.

બાળકને આઠ વરસથીજ [illegible] થાય. તેવી [illegible] કરવી જોઇએ. નિત્ય [illegible] [illegible] [illegible]

ઉપાશ્રયે જવાની અને તેનાથી બને તેવી ધાર્મિક ક્રિયા કરવાની તેને સારી ટેવ પાડવી. અને ધર્મ કરવાથી શું થાય? અને અધર્મ કરવાથી શું થાય? તે વિષેની અસરકારક વાત તેના કોમળ મગજમાં ઉતારવી કે જેથી તેનામાં ઉત્તમ પ્રકારના સંસ્કારો બંધાઈ જાય છે. કે જે સંસ્કાર તેને જન્મ સુધી વિલુપ્ત થતાં નથી. ધર્મના સંસ્કારની સાથે વ્યવહાર ધર્મના પણ સંસ્કારો તેનામાં આરૂઢ કરવા કે જેથી તે વ્યવહારમાં પણ નીતિ, પ્રમાણિકતા અને સત્યતાથી વર્તી શકે.

પ્રથમ બાળકોને તર્કશક્તિ વધે તેવી યોજના કરવી કે જેથી તેનામાં સાર, અસાર તથા કાર્ય અકાર્યનો વિવેક ઉત્પન્ન થાય છે. દરેક પદાર્થ ઉપર તેનું ધ્યાન ખેંચવું તેમજ દરેક જાતની ક્રિયા કરવામાં તેના હેતુઓ સમજાવવા એટલે તેની તર્કશક્તિ વૃદ્ધિ પામશે. આમ કરવાથી બાળક જ્યારે કોઈ વસ્તુ જુવે, ત્યારે તેના હૃદયમાં તેના ખુલાસાને માટે પ્રશ્ન ઉત્પન્ન થશે. 'આ પદાર્થમાં શું છે? આમ કરવાથી શું થાય? અને આમ કરવાનું શું કારણ છે?' એવા એવા પ્રશ્નો બાળક પોતાની મેળે કરશે. અને તેનો ખુલાસો મેળવવાને પ્રયત્ન કરશે. આથી તેનામાં સારાસાર તથા કાર્યાકાર્યનું જ્ઞાન સ્વતઃ પ્રગટ થઈ આવશે. કદિ બાળક પોતાની અલ્પ બુદ્ધિને લઈને કોઈ નઠારા પદાર્થ ખાવાની કે લેવાની હઠ કરે તો તેને તેમાં લાભાલાભ વિષે જણાવવું એટલે તેને સમજણ પડશે કે, 'આ વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે અને આ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રમાણે દરેક પદાર્થની સમજુતી પાડી તેને વિનયના ગુણ વધારે શીખવવા. વિનય મૂળ જૈનધર્મ છે અને વિનયથી બધા ગુણો પ્રાપ્ત થાય છે. તેથી સર્વ ગુણોને દીપાવનાર વિનય ગુણ બાળકના હૃદયમાં વિશેષતાએ સ્થાપિત કરવો.

હવે બાળકને કેવી રમતોમાં જોડવું! તેને માટે માતાપિતાએ ઘણું જ ધ્યાન આપવાનું છે. જે રમત રમતાં કોઈ પ્રાણીની હિંસા થાય

નહીં. કેટલાએક મૂર્ખ માબાપો બાળકને નઠારા પ્રવર્તનમાં જોડે છે, તેથી બાળક દુર્ગુણી બની જાય છે. જેમકે, "બેટા ચિમન. આ તારા મામાને લાકડી માર. આ તારી બાને ગાળ આપ, આ તારા કાકાનો કાન પકડી લે." આવી આવી વિપરીત શિક્ષા આપનારા માબાપો પોતાના બાળકને દુર્ગુણી બનાવે છે, તેથી કદિ પણ હાસ્યમાં એવી નઠારી કુટેવ પાડવી નહીં. તેમજ અપશબ્દો, ગાળો અને જુઠું બોલતાં બાળકને શીખવવું નહીં. જો બાળકને કોઇ જાતની કુટેવ પડી તો પછી તે મોટપણે પણ જતી નથી. તેનું કડુફળ છેવટે માબાપને ચાખવું પડે છે. દુર્ગુણી સંતાનો તરફથી જ્યારે માબાપને સતાવણી થાય છે. ત્યારે તેમને ભારે પસ્તાવો કરવો પડે છે. આ વખતે તેઓ 'છોકરા બગડી ગયા' એમ કહી તેના અવગુણો ગાય છે, પણ તેનું મૂળ કારણ પોતેજ છે એવુ તેઓ સમજતા નથી. તેથી સુજ્ઞ શ્રાવક માતાપિતાએ જો પોતાને સુખી થવું હોય અને પોતાના સંતાનને સુખી કરવા હોય તો તેમણે પ્રથમથીજ આ કોને સુધારવા કાળજી રાખવી જોઇએ. બાળકોની કોમળ બુદ્ધિમાં સારા સંસ્કારો પાડવા જોઇએ. માબાપ તરફ, શિક્ષક તરફ અને ગુરૂ તથા વડિલ વર્ગ તરફ તેમને પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય તેમ કરવુ જોઇએ. પિતાએ માતાના અને માતાએ પિતાના ગુણ બાળકની આગળ પ્રગટ કરવા જેથી સુજ્ઞ શ્રાવકબાળના હૃદયમાં તેમની તરફ પૂજ્ય બુદ્ધિ પ્રગટ થાય છે. માતાપિતા બાળકના કેવા ઉપકારી છે ? તેમના ઉપકારનો બદલો બાળકથી કોઈ રીતે વાળી શકાય તેમ નથી – ઇત્યાદિ સારી છાપ બાળકના હૃદયમાં પાડવી કે જેથી બાળક તેમની તરફ નમ્રતાથી અને મર્યાદાથી વર્ત્તે છે.

બાળકને બાળ વયમાંથીજ ધર્મના સંસ્કારો પ્રાપ્ત થાય, તેવી યોજના કરવી જોઇએ. નિત્ય વેહલા ઉઠી દાતણપાણી કરી.લ્હેરે

ઉપાશ્રયે જવાની અને તેનાથી અને તેવી ધાર્મિક ક્રિયા કરવાની તેને સારી ટેવ પાડવી. અને ધર્મ કરવાથી શું થાય? અને અધર્મ કરવાથી શું થાય? તે વિષેની અસરકારક વાત તેના કોમળ મગજમાં ઉતારવી કે જેથી તેનામાં ઉત્તમ પ્રકારના સંસ્કારો બંધાઈ જાય છે. કે જે સંસ્કાર તેને જાવજીવ સુધી વિલુપ્ત થતાં નથી. ધર્મના સંસ્કારની સાથે વ્યવહાર ધર્મના પણ સંસ્કારો તેનામાં આરૂઢ કરવા કે જેથી તે વ્યવહારમાં પણ નીતિ, પ્રમાણિકતા અને સત્યતાથી વર્તી શકે.

પ્રથમ બાળકને તર્કશક્તિ વધે તેવી યોજના કરવી કે જેથી તેનામાં સાર, અસાર તથા કાર્ય અકાર્યનો વિવેક ઉત્પન્ન થાય છે. દરેક પદાર્થ ઉપર તેનું ધ્યાન ખેંચવું તેમજ દરેક જાતની ક્રિયા કરવામાં તેના હેતુઓ સમજાવવા એટલે તેની તર્કશક્તિ વૃદ્ધિ પામશે. આમ કરવાથી બાળક જ્યારે કોઈ વસ્તુ જુવે, ત્યારે તેના હૃદયમાં તેના ખુલાસાને માટે પ્રશ્ન ઉત્પન્ન થશે. 'આ પદાર્થમાં શું છે? આમ કરવાથી શું થાય? અને આમ કરવાનું શું કારણ છે?' એવા એવા પ્રશ્નો બાળક પોતાની મેળે કરશે. અને તેનો ખુલાસો મેળવવાને પ્રયત્ન કરશે. આથી તેનામાં સારાસાર તથા કાર્યાકાર્યનું જ્ઞાન સ્વતઃ પ્રગટ થઈ આવશે. કદિ બાળક પોતાની અલ્પ બુદ્ધિને લઇને કોઈ નઠારા પદાર્થ ખાવાની કે લેવાની ઇચ્છા કરે તો તેને તેમાં લાભાલાભ વિષે જણાવવું એટલે તેને સમજણ પડશે કે, 'આ વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે અને આ વસ્તુ ગ્રહણ કરવા યોગ્ય છે. આ પ્રમાણે દરેક પદાર્થની સમજૂતી પાડી તેને વિનયના ગુણ વધારે શીખવવા. વિનય મૂળ જૈનધર્મ છે અને વિનયથી બધા ગુણો ખીલી ઉઠે છે. તેથી સર્વ ગુણોને દીપાવનાર વિનય ગુણ બાળકના હૃદયમાં વિશેષતાએ સ્થાપિત કરવો.

હવે બાળકને કેવી રમતોમાં જોડવું? તેને માટે માતાપિતાએ ઘણું જ ધ્યાન આપવાનું છે. જે રમત રમતાં કોઇ પ્રાણીની હિંસા થાય

નહીં. કેટલાએક મૂર્ખ માબાપો બાળકને નઠારા પ્રવર્ત્તનમાં જોડે છે, તેથી બાળક દુર્ગુણી બની જાય છે. જેમકે, "બેટા ચિમન, આ તારા મામાને લાકડી માર. આ તારી બાને ગાળ આપ, આ તારા કાકાનો કાન પકડી લે." આવી આવી વિપરીત શિક્ષા આપનારા માબાપો પોતાના બાળકને દુર્ગુણી બનાવે છે, તેથી કદિ પણ હાસ્યમાં એવી નઠારી કુટેવ પાડવી નહીં. તેમજ અપશબ્દો, ગાળો અને જુઠું બોલતાં બાળકને શીખવવું નહીં. જો બાળકને કોઇ જાતની કુટેવ પડી તો પછી તે મોટપણે પણ જતી નથી. તેનું કડવું ફળ માબાપને ચાખવું પડે છે. દુર્ગુણી સંતાનો તરફથી જ્યારે માબાપને મનાવણી થાય છે, ત્યારે તેમને ભારે પસ્તાવો કરવો પડે છે. આ વખતે તેઓ 'છોકરા બગડી ગયા' એમ કહી તેના અવગુણો ગાય છે, પણ તેનું મૂળ કારણ પોતેજ છે એવું તેઓ સમજતા નથી. તેથી સુજ્ઞ શ્રાવક માતાપિતાએ જો પોતાને સુખી થવું હોય અને પોતાના સંતાનને સુખી કરવા હોય તો તેમણે પ્રથમથીજ બાળકોને સુધારવા કાળજી રાખવી જોઈએ. બાળકોની કોમળ બુદ્ધિમાં સારા સંસ્કારો પાડવા જોઈએ. માબાપ તરફ, શિક્ષક તરફ અને ગુરૂ તથા વડિલ વર્ગ તરફ તેમને પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય તેમ કરવું જોઈએ. પિતાએ માતાના અને માતાએ પિતાના ગુણ બાળકની આગળ પ્રગટ કરવા જેથી ગુરૂ માતપિતાના હૃદયમાં તેમની તરફ પૂજ્ય બુદ્ધિ પ્રગટ થાય છે. માતપિતા બાળકના કેવા ઉપકારી છે ? તેમના ઉપકારનો બદલો બાળકથી કદી પણ વાળી શકાય તેમ નથી ઇત્યાદિ સારી વાતો બાળકના હૃદયમાં ઠસાવવી કે જેથી બાળક તેમની તરફ નમ્રતાથી અને મર્યાદાથી વર્તે.

બાળકને બાળ વયમાંથીજ ધર્મના સંસ્કારો પ્રાપ્ત થાય, તેવી યોજના કરવી જોઈએ. નિત્ય વંદના કરી દાનપુણ્ય કરી દેરે

તેવી રમતથી બાળકને દૂર રાખવું. તેમજ દરેક રમત યત્નના પૂર્વક રમે તેમ કરવું. જો માબાપની સ્થિતી સારી હોય તો જેમાંથી ધાર્મિક અને કળાકૌશલ્યનું જ્ઞાન થાય તેવી ચીજો સાથે બાળકને રમાડવું. જેમકે, એકેંદ્રિય, બેઇંદ્રિય તેઇંદ્રિય વગેરે જીવોના ચિત્રો બતાવી તેની સમજૂતી આપવી. તે સિવાય ધર્મના ધર્મગુરૂના અને જ્ઞાનઉપકરણના રમકડા કે ચિત્રો બાળકને બનાવવા અને તેનો શો ઉપયોગ થાય, તે વિષે પણ સમજૂતી આપવી. તેમજ તે પવિત્ર ઉપકરણની આશાતના ન થાય તેમ રમાડવું અને આ પ્રમાણે કરવાથી આશાતના થાય—એવી બાળકને સમજણ પાડવી. અક્ષરજ્ઞાન, રંગ, આકાર અને બીજા વ્યવહારના સામાન્ય જ્ઞાનને માટે તેને ગમત સાથે જ્ઞાન થાય તેવી યોજના કરવી.

બાળકને દુનિયાના પદાર્થોનું જ્ઞાન થવા માટે અને ધર્મ તથા નીતિનો બોધ થવા માટે નાની નાની વાર્ત્તાઓ કહેવી અને તેમાં જેટલું તે સમજી શકે તેટલું જ્ઞાન આપતા જવું. સંગીતવિદ્યા સર્વને ઉપયોગી છે અને તે બાળકને બહુ પ્રિય હોય છે, તેથી નવા નવા રાગની ટુંકી કવિતાઓ બાળકને સંભળાવવી અને શીખવવી. અને તે સમજી શકે તેવા દાખલા-દૃષ્ટાંતો આપવા. જે વાર્ત્તા બાળકની આગળ કહી હોય તે વાર્ત્તા પાછી તે બાળક કહી બતાવે એમ કરવું. તેની આગળ બીક તથા વેહેમ ભરેલી ભૂતપિશાચોની વાતો કરવી નહીં. તેવી વાતો કરવાથી બાળક બીકણ, અને નાહિંમતવાન્ થઇ જાય છે. જે વાર્ત્તાઓ સાંભળી બાળક સ્વતંત્ર, શૂરવીર, ધાર્મિક હિંમતવાન, દયાળુ અને પરોપકારી થાય એવી વાર્ત્તાઓ કહેવી. તે સાથે ધર્મ તથા નીતિના શ્લોકો, ગાથાઓ કે કવિતાઓ તેને સંભળાવી યાદ રખાવવી. આ પ્રમાણે કરવાથી શ્રાવકબાળ પાંચ છ વર્ષમાં ઘણું જ્ઞાન મેળવી શકે છે. પછી સાતમે વર્ષે તેને શાળાની કેળવણીમાં જોડી દેવો. શાળાની કેળવણીની સાથે ધાર્મિકજ્ઞાન

મેળવવાની ગોઠવણ કરવી. જેમ જેમ તેને વ્યવહારિક જ્ઞાન મળતું જાય તેમ તેમ તે ધાર્મિક જ્ઞાનમાં પણ પ્રવીણતા ધરાવતો જાય છે, એથી તેને પૂરેપૂરી કેળવણી મળે છે. પ્રથમ સ્વભાષાની કેળવણી આપવી અને પછી સંસ્કૃત, ઇંગ્રેજી, વગેરે બીજી ભાષામાં પ્રવેશ કરાવવો.

અહીં દરેક શ્રાવક માતાપિતાએ યાદ રાખવું કે, જે કેળવણી લીધાથી છોકરા કે છોકરીના હૃદયમાં અયોગ્ય સંસ્કાર આવે અથવા મિથ્યાત્વ વધે તેવી કેળવણી આપતાં ઘણી સંભાળ રાખવી. તેમજ જેથી બાળકના મગજ ઉપર બોજો પડે એવી પણ કેળવણી એકી સાથે ન આપવી, તેમ કરવાથી બાળકના જ્ઞાનતંતુ નબળા પડી જાય છે અને તેની અસર શરીર ઉપર થવાથી બાળક નબળું થઈ જાય છે.

આજકાલ રાજભાષા ઇંગ્રેજી છે, તેથી તેની કેળવણી લેવાની આવશ્યકતા છે, તથાપિ તે વિદ્યાના સંસ્કાર બળવાન્ ન થાય અને બાળકમાં નાસ્તિકતા ન આવે તેને માટે કાળજી રાખવી. શ્રાવકના સંતાનોને બીજી ગમે તે કેળવણી આપવી હોય, તથાપિ તેમને ધર્મની કેળવણી સાથે આપ્યા કરવી કે જેથી તેનામાં ધર્મની શ્રદ્ધા મજબૂત રહે. અને શ્રાવકની રહેણી કરણીમાં કાંઈ જાતનો ફેરફાર ન થાય.

શ્રાવકના પુત્રો અને પુત્રીઓને જેમાંથી ધર્મ તથા નીતિનો બોધ મળે તેવા પુસ્તકો વંચાવવાનો શોખ વધારવો અને તેવી ધાર્મિક મંડળીઓમાં તેમને જોડી દેવા. અભ્યાસી જૈન બાળકોને શિક્ષાગુરુ તથા શિષ્યના કર્તવ્ય વિષે સારો બોધ આપવો. તે સાથે કેળવણીના હેતુઓ સમજાય તેવી ગોઠવણ કરવી. કેળવણીના હેતુઓ એવા છે કે, જેથી વિનય પ્રાપ્ત થાય, શ્રાવકધર્મ તથા શ્રાવક



ની વિદુષી માતાઓનોજ હતો.

આજકાલ તેવી માતાઓ થતી નથી, તેથીજ એવા તેવા સદ્ગુણવાળા અને પ્રભાવિક સંતાનો શ્રાવક કોમમાં થતા નથી. તેથી શ્રાવકવર્ગમાં સ્ત્રીકેળવણીની આવશ્યકતા છે. દરેક શ્રાવક કુટુંબમાં શ્રાવિકાઓને સુશિક્ષિત બનાવવાની જરૂર છે. જ્યારે દરેક કુટુંબમાં સ્ત્રીકેળવણી વૃદ્ધિ પામશે. શ્રાવકબાળાઓ શ્રાવિકાભૂષણ જેવાં ઉત્તમ પુસ્તકો વાંચી પોતાના સદાચારમાં સુધારો કરશે ત્યારે શ્રાવકસંતતિ ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકશે. શ્રાવિકા માતાઓ પોતાનામાં સારા ગુણોનો સંગ્રહ કરી પોતાના બાળકોના હૃદયમાં તેની ઉત્તમ છાપ પાડવાને દરકાર રાખે તો અલ્પ સમયમાંજ શ્રાવકસંસાર ઉન્નતિમાં આવે. આજકાલ તો કેળવણી પામેલી માતાઓ પણ પોતાના સંતાન તરફ બેદરકાર રહે છે. અને પોતે ભોળવણી બની કોમળ તન મનવાળા બાળકોને દાસ દાસીઓની ભાળવણીમાં નાખી દે છે. એ ઘણું હાનિકારક છે. નીચ કુળના નોકરોની ભાળવણીના કારણથી બાળકામાં ઉત્તમ ગુણ આવતા નથી [illegible] નથી. [illegible] થાય છે. [illegible] ની [illegible] અનેક દુર્ગુણોનો પ્રવેશ થાય છે, જેથી [illegible] કદિ પણ સુધરતી નથી. [illegible] સદ્ગુણોથી [illegible] નાખવાં. આ વાત દરેક શ્રાવક [illegible] રાખવાની છે.

[illegible] માતાપિતા પ્રત્યે ધર્મ.

[illegible] માતાપિતા પ્રત્યે શો ધર્મ છે? [illegible] છે. [illegible] માતાપિતાએ

નથી. માબાપ તેવા ગુણવાળા થયા હોય અને તેમાં તેનામાં કુલીનતાનાં બીજ પડી હોય પણ જો તેઓ અને અભિમાન, અવિનીત, અને અનાચારી હોય તો તેઓ અકુલીન જાણવા. તેવાઓને શ્રાવક માબાપે પોતાની પુત્રી આપવી ન જોઈએ. અને તેવાઓને પુત્રી આપવાથી તે પુત્રી મર્ણ સીમ દુઃખી થાય છે. જો માબાપો પોતાના પુત્રને કુલીન કરવા ઈચ્છતા હોય તો તેમણે પોતાના પુત્રને કેળવણી આપીને ગુણવાળા કરવા કે જેથી તેઓ ભવિષ્યમાં સુખી થાય. અજ્ઞાન કુલીન થયેલા શ્રાવક પુત્રને અજ્ઞાની ગણાવી કુશળ કરી યોગ્ય વયે આવતાં તેને કોઈ સદ્ગુણ સંપન્ન શ્રાવકની કન્યા આપવાને ગોઠવણ કરવી કે જેથી ભવિષ્યમાં તે એક નમુનાદાર શ્રાવક બની જૈન ધર્મ પ્રભાવક થઈ શકે. શ્રાવક સંસારને તેઓ સારી રીતે દીપાવી શકે. જે જૈન માબાપો કેળવણી વગરની અકુલીન કન્યાની સાથે પોતાના બાળ પુત્રને પરણાવે છે, તેઓ પોતાના બાળકના સંબંધના શત્રુ બને છે. અને પોતાના નિરપરાધી બાળકોને દુઃખમાં નાખે છે. આ હાનિકારક કુરીવાજે જૈન પ્રજામાં ભારે હાનિ પહોંચાડી છે. જેને લઈને શ્રાવક સમાજ અધમ દશા ભોગવતો જોવામાં આવે છે. તેથી દરેક શ્રાવક આ પ્રથમ આ કુરીવાજને નાશ કરી [illegible] જૈનપ્રજામાં પેઠેલી મોટી બાલ્યમાર્ગની અસરકારકતા [illegible] બાલ્યલગ્નનું મૂળ કારણ જે અજ્ઞાનતા છે, તેનું ઉન્મૂલન કરી સાંસારિક ઉન્નતિના ઉત્તમ માર્ગને મજબુત કરવો જોઈએ. સુજ્ઞ શ્રાવક બાળકો તેના દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરશે તો તેમના જાણવામાં આવશે કે અજ્ઞાનથી મોટી હાનિ થાય છે. બાળવયમાં વિવાહિત થયેલા બાળ-બિચારાંઓની માનસિક અને શારીરિક બંને પ્રકારની શક્તિ નાશ પામે છે. બાલ્યવય એ ભવિષ્યના સંસારનો મૂળ પાયો છે. શ્રાવક સંસારરૂપી મોટો મહેલ એ પાયા ઉપર ચણાવાનો છે, તેથી બાલ્યવયથીજ તેમની મનોવૃત્તિ ઉત્તમ માર્ગે દોરવવી, દુર્વ્યસનથી તેમને દૂર રાખવા, શીળ ગુણથી સુશોભિત કરવા, ધર્મના

થવાનો છે? તેનો વિચાર કરવો. આવો વિચાર કરીને શ્રાવકવધૂએ સુઘડતાથી પોતાના ઘરના કામકાજ કરવા. અને તે કરવામાં ઉમંગ ધારણ કરવો.

કેટલીએક મૂર્ખ વધૂઓ એવો વિચાર કરે છે કે, "આ સાસૂ મારી પાસે ઘરનું કામ કરાવે છે અને પોતે બેશી રહે છે." આવો હલકો વિચાર કુલીન વધૂએ કદીપણ મનમાં લાવવો નહિં. પરંતુ એમ વિચારવું કે. મારા પૂજ્ય સાસૂએ આજ સુધી ગૃહકાર્ય કર્યું છે, તેમણે મારા પતિને માટે અનેક પ્રકારના દુઃખ ભોગવ્યા છે. હવે તેઓ વૃદ્ધાવસ્થાએ પોહોચ્યા છે, તેથી હવે મારે તેમને કામમાંથી મુક્ત કરી સુખી કરવા જોઇએ. તેમને વિશ્રાંતિ આપવી એ મારો ધર્મ છે. તેઓ મારા પરમ પૂજ્ય અને માન્ય છે. કારણ કે, તેઓ મારા પતિના પરમ ઉપકારી છે. આવું વિચારી શ્રાવક વધૂએ પોતાના પિયરમાં રહિ જે કાંઈ શીખેલું હોય તે બધાનો ઉપયોગ કરી બતાવવો અને પોતાની સાસૂને વિશ્રાંતિ આપી સુખી કરવી. વળી કુલીન વધૂએ સાસૂજીની દેખરેખ નીચે બધા ગૃહકાર્ય કરવા. કોઈ પણ કાર્ય તેમને પુછ્યા વિના કરવું નહિં. વળી કાર્યમાં કાંઈ ભુલ પડે તો તે સુધારવા સૂચના કરે એવી ગોઠવણ રાખવી અને સર્વની સાથે નમ્રતાથી વર્તવું.

કેળવાએલી કુલીન શ્રાવિકાએ પોતાના સસરાને પિતા સમાન ગણી તેમની સેવા કરવી. તેમની સામું અથવા તેઓ સાંભળે તેમ ઉંચે સ્વરે બોલવું નહિં. સદા મર્યાદાથી વર્તવું. તેમની આજ્ઞા માન્ય કરવી. તેમના મનને દુઃખ થાય તેવું કાંઈ પણ કામ કરવું નહિં. નમ્રતા અને વિનયથી તેમની સાથે વર્તવું.

પોતાના સાસરામાં જે કોઈ બીજા વડીલ રહેતા હોય તેમની સાથે પણ તેમની માન્યતા પ્રમાણે વર્તવું. કોઈની સાથે અવિવે

ઘરસંસારમાં સહાય કરનારી છે. જો તે સમજુ હશે તો તેના સહવાસમાં રહેનારો મારો પુત્ર સર્વ રીતે સુખી થશે. આવા વિચારથી તે પોતાની વહુને સારી રીતે રાખે છે અને પ્રતિદિન હિત શિક્ષા આપી તેને એક નમુનાદાર શ્રાવિકા બનાવે છે. આવી શુદ્ધ સાસુઓને ધન્ય છે, અને જે શ્રાવકવધૂ પોતાના સાસુ સસરાને માતાપિતા સમાનગણી તેમની આજ્ઞા પ્રમાણે ચાલે છે, શુદ્ધ હૃદયથી તેમની સેવા કરે છે, ઘરનો સઘળો કાર્યભાર ઉપાડી લે છે, દીયર, જેઠ, દેરાણી, જેઠાણી વગેરે સાસરીયાના સંબંધીઓની સાથે સારી રીતે વર્તે છે. અને પોતાના કર્ત્તવ્યથી કદિપણ ચુકતી નથી તેવી શ્રાવકવધૂને પણ ધન્યવાદ ઘટે છે. એવી કુલીન વધૂઓથીજ શ્રાવકસંસાર દીપી નીકળે છે.



ચીજ ખાવાને આપે છે કે જેથી સ્ત્રીનો પતિ અપંગ કે રોગી થઇ પડે છે, આથી એ મૂર્ખસ્ત્રીને આખી જીંદગી દુઃખ ભોગવવાનો વખત આવે છે. જો કદિ આ ખબર તેના પતિના જાણવામાં આવ્યા હોય તો તે પતિ તે કુશીલ સ્ત્રીનો ત્યાગ કરી દે છે અથવા તેણીને ભારે દુઃખ આપે છે આથી પતિને વશ કરી સુખની ઇચ્છા રાખનારી શ્રાવિકા ઉલટી મહાન્ દુઃખમાં આવી પડે છે. એ વિપરીત માર્ગે ચાલનારી ઘણી સ્ત્રીઓ છતે ધણીએ વિધવા થઈ છે અને આ લોકમાં અપયશ અને દુઃખ પ્રાપ્ત કરી અંતે દુર્ગતિનું પાત્ર બની છે. તેથી સુજ્ઞશ્રાવિકાએ કદિ પણ એ વિષમમાર્ગ ગ્રહણ કરવો ન જોઈએ. તેણીએ વિચારવું જોઇએ કે, સાંપ્રતકાળે મંત્રવિદ્યાને સત્ય રીતે જાણનાર વિરલા છે અને જે મંત્ર રીતે જાણનારા છે, તેઓ આવા ઢોંગ કરી લોકોને ધુતતા નથી. જો તેઓ સત્યમંત્રવિદ્યા જાણતા હોય તો શામાટે આવી ભિખારીની સ્થિતિમાં રહે. તેઓ ભીખનાઉપર આધાર શામાટે [illegible] ? પરંતુ એ તો પેટ ભરવાનો [illegible] ઉપાય છે. [illegible] વિચાર કરી સુજ્ઞ શ્રાવિકાએ કદિ [illegible] પણ ન [illegible] પતિને વશ કરવાની ખરી [illegible] શ્રાવિકાએ પોતાની [illegible] આગળ પ્ર[illegible] કરી છે. [illegible] કરવા યોગ્ય છે. કોઈ [illegible] શ્રાવિકાએ [illegible] આવી પુછ્યું કે, [illegible] પતિને વશ કરવાની [illegible] છે ? તે કૃપા કરી કહો. [illegible] પતિ તમારી [illegible] આવવાથી [illegible] છે. [illegible] નહીં પણ [illegible] સદાચાર [illegible] છે. [illegible] તમારી સત્તાદ ગ્રહણ કરે [illegible] અને કદિ પણ [illegible] નથી. કદિ અમારા [illegible] તે અમારી તરફ [illegible] પ્રીતિ બતાવે છે. પણ

ઈર્ષ્યા, દ્વેષ અને લાલચ વગેરે દુર્ગુણોને દૂર કરી તેમજ મારા હૃદયને વશ કરી પતિને પ્રસન્ન કરૂં છું. જે કરવાથી પતિ પ્રસન્ન થાય, તેવુંજ કામ હું કરૂં છું. જેથી મારા પૂજ્યનું હૃદય દુભાય, તેમને ખોટું લાગે તેવું હું કદિપણ બોલતી નથી. નઠારે ઠેકાણે ઉભી રહેતી નથી, હલકી અને નિર્લજ સ્ત્રીઓની સોબત કરતી નથી, નઠારા પદાર્થોની ઇચ્છા રાખતી નથી, મારા પ્રાણેશ શિવાય દેવ, મનુષ્ય કે ગાંધર્વ ગમે તે સ્વરૂપવાન, યુવાન કે શૂરવીર સુશોભિત પુરૂષ હોય તોપણ તેમને તુચ્છ ગણું છું. પતિ ભોજન લે તે પછી હું ભોજન લઉં છું. અને પતિ ઉઠયા પહેલાં ઉઠું છું. હે સખીઓ, મેં નિશ્ચય કર્યો છે કે, આ સંસારમાં સ્ત્રીનો ઇષ્ટદેવ, પાળક, પોષક અને આધારરૂપ પતિજ છે. પતિરહિત રમણી ભલે રમણીય હોય, તોપણ તે શોભતી નથી. જાયાનું ખરૂં જીવન પતિજ છે. પતિ શિવાય તેનું જીવિત તદ્દન નકામું છે. આવો નિશ્ચય કરી હું મારા પતિને પ્રેમપૂર્વક પુજું છું. તન, મન અને ધનથી સર્વદા તેમની સેવા કરૂં છું. જ્યારે પતિ ગામમાંથી કે બીજે કોઈ સ્થળેથી ઘેર આવે ત્યારે હું હસમુખી થઈ તેમની સામે જાઉં છું. તેમને આસન આપી બેસારી જળપાન કરાવું છું. દેહેરે, ઉપાશ્રયે કે બીજે કોઈ સ્થળે જતા પહેલાં પતિની આજ્ઞા મેળવું છું. જે કાર્ય ધર્મનું હોય, લોકોમાં પવિત્ર ગણાતું હોય તોપણ તે કાર્ય પતિની આજ્ઞા વિના આચરતી નથી. પ્રિય બ્હેનો. આ પ્રમાણે પતિની સેવા ઉપરાંત હું મારા ઘરની વ્યવસ્થા પણ કરૂં છું. આંગણું સાફ રાખવું. વાસણો ચોખ્ખાં રાખવાં, પાણીઆરૂં સ્વચ્છ રાખવું અને ઘરની બીજી ચીજોની સંભાળ લેવી—એ બધું કાર્ય હું નિયમસર પ્રમાદરહિત કરૂં છું. મધુર રસવતી કરી મારા રસિક રમણને જમાડું છું અને તેમના મનને ખુશી ઉપજાવું છું

રણ થઇ પડયું છે. બ્હેનો, આનું નામ સાચું વશીકરણ છે. એ શિવાય પતિને વશ કરવાનો ઉપાય બીજો છેજ નહીં. જે ભોળી ભામિનીઓ, મંત્રતંત્રથી વશીકરણ કરવા જાય છે, તે તેમની મોટામાં મોટી મૂર્ખતા છે. ઢોંગી ધુતારા લોકોને ઉત્તેજન આપી પોતાના ધર્મથી ભ્રષ્ટ થવાનો એ ઉપાય છે.

તે સતીશ્રાવિકાના મુખથી પતિને વશ કરવાનો ઉપાય જાણી તે બધી શ્રાવિકાઓ ખુશી ખુશી થઇ અને તેમણે એકી અવાજે તે શ્રાવિકાને ધન્યવાદ આપ્યો અને બધીઓએ તે પ્રમાણે વર્ત્તવાનો નિશ્ચય કર્યો હતો.

હે સાધર્મી બ્હેનો, ઉપર પ્રમાણે કહેલ પતિને વશ કરવાનો ઉપાય ખરેખરો છે. તે શિવાય જે બીજા ક્ષુદ્ર ઉપાયો કરવામાં આવે છે, તે મોટું મિથ્યાત્વ છે. સમકિત ધારી શ્રાવિકાએ અસત્ય મંત્રવિદ્યાને જાણનારા ઢોંગી બ્રાહ્મણો, યતિઓ અને સંન્યાસીઓને જે માનવા તે તેને ધર્મથી ભ્રષ્ટ થવાનું છે. કારણ કે, એ બધું મિથ્યાત્વ છે અને મિથ્યાત્વને સેવવાથી શ્રાવિકા સ્વધર્મથી અને સ્વકર્ત્તવ્યથી પતિત થઇ જાય છે, તેથી કદિપણ મંત્રતંત્રની વશીકરણ વિદ્યામાં શુદ્ધ શ્રાવિકાએ પ્રવર્ત્તવું ન જોઇએ. સાધ્વી શ્રાવિકાઓએ તો પતિને વશ કરવાનો ઉપાય પ્રથમ કહેલા પ્રમાણે કરવો જોઇએ. તે શિવાયના બીજા ઉપાયો તદન નકામા છે. કારણકે, તેથી કાર્યની સિદ્ધિ થતી નથી એટલુંજ નહીં પણ વખતે તેથી ભારે અનર્થ ઉત્પન્ન થાય છે.

ઇશ્વર ભક્તિ કરવી. વખત મળે તો સામાયિક લઇ સઝાયધ્યાન આચરવાં. ઈશ્વર ભક્તિ કર્યા પછી પોતાને છાજે તેવો સુંદર પોશાક પેહેરવો. પોશાકમાં કોઇની સાથે હરીફાઈ કરવી નહીં જોવી પોતાની શક્તિ હોય તેવો પોશાક પેહેરવો. હમેશાં શોભતા અને સાંપડતો પોશાક પેહેરવો. સૌભાગ્યને દર્શાવનારા અલંકારો ધારણ કરવા. સૌભાગ્યવતી શ્રાવિકાએ નેત્રમાં અંજન રાખવું, વાળ ઓળી સેંથો પૂરવો, કપાળમાં તિલક કરવું, નાકમાં નથ અથવા ફુલ રાખવું, હાથે કંકણ ચૂડી ધારણ કરવી અને કંઠમાં કંઠી વગેરે જે કાંઇ મળે તે પહેરવું, આ પ્રમાણે વર્તનારી શ્રાવિકા મુગ્ધ ગણાય છે. એવી સુઘડતાવાળી શ્રાવિકાઓ શ્રાવકસંસારને સારી રીતે દીપાવે છે.

૩ રસોઇ એ ગૃહકાર્યની વ્યવસ્થાનો ત્રીજો પ્રકાર છે. રસભરેલી સ્વાદિષ્ટ રસોઇ બનાવવી એ સ્ત્રીઓનું મુખ્ય કામ છે. કદિ સારી સમૃદ્ધિ હોય અને તેથી રસોઇઆ રાખી શકાય તેમ હોય તે પણ ગૃહિણીએ જાતે રસોઈ કરવી એ સર્વોત્તમ ગણાય છે. ગૃહસ્થવધૂ પોતાને હાથે ભોજન રસવતી કરી સર્વને જમાડે—એ તેની સત્કીર્તિને વધારનાર છે. કદિ ગૃહવૈભવ મોટો હોય અને કુટુંબનાં માણસો વધારે હોય તો રસોઈઆ રાખવો, તથાપિ તેની દેખરેખ તો ગૃહિણીએ અવશ્ય રાખવી જોઇએ. ગૃહના બધા કાર્યોમાં રસોઇનું કાર્ય પ્રધાન છે. કારણકે તેની ઉપર આખા કુટુંબના જીવનનો આધાર છે. ધર્મનું સાધનરૂપ આ માનુષશરીર સર્વ રીતે રક્ષણીય છે અને તેની રક્ષાનો મુખ્ય આધાર ખાના ઉપર છે. જો ખાણાનું કામ બરાબર શુદ્ધ રીતે બનતું હોય તો ભોજન કરનાર કુટુંબિઓ બધા સુખી થાય છે, અને ઘરમાં સદા આરોગ્યતા રહે છે. હમેશાં રસોઈ કરવામાં ઘણી સાવચેતી રાખવી જોઇએ. અન્ન તથા જળ ચોખ્ખાં રાખવાં જોઇએ. આ શરીરમાં વાત, પિત્ત અને કફ રહેલા છે, તે સાદા અને ઉંચી

શુષ્ક પદાર્થ રસોઇમાં ન આવે તેની સંભાળ રાખવી. જ્યારે રાંધવાનું કામ શરૂ થાય, ત્યારે તો ઘણીજ સંભાળ રાખવાની છે. ચુલાનો તાપ બરાબર રાખવો અને કોઈ પદાર્થ દાઝી ન જાય અથવા કાચો ન રહે તેની પૂર્ણ કાળજી રાખી રસોઈ બનાવવી. રસોઈના સર્વ પદાર્થો પરિપકવ અને સ્વાદિષ્ટ બનાવવા. પરિપકવ થયેલા પદાર્થો કલાઈવાળા પાત્રોમાં નાખવા. બરાબર પકાવી ગરમાગરમ કરેલું અનાજ ખાવાથી શરીર નીરોગી રહે છે. આ પ્રમાણે રસોઇ કરનારી શ્રાવિકા પોતાના કુટુંબમાં સારૂં માન મેળવે છે. અને સ્વધર્મમાં વર્તવાથી તે ઉત્તમ ગતિનું પાત્ર બને છે.

૬ ભોજન સંબંધી વ્યવસ્થા કરવી એ ગૃહકાર્યની આવશ્યકતાનો ચોથો વર્ગ છે. [illegible] ભોજન સંબંધી સર્વ કાર્ય સ્વ[illegible] કરવાં. ભોજન કરવાની જગ્યા ઘણી સ્વચ્છ અને સુશોભિત રાખવી. એવા સ્થળમાંથી મનને આનંદ આવે તેવી ત્યાં ગોઠવણ કરવી. જ્યારે પોતાના પતિ કે બીજા [illegible] સંબંધીઓ જમવા આવે ત્યારે [illegible] નવકાર ગણી પીરસવું. ભોજન કરનારની પાસે [illegible] મીઠું, મરચું, અથાણું, પાપડ વગેરે જે રુચિ[illegible] તેમાં દોષ ન લાગવાની સંભાળ રાખવી. તે સિવાય [illegible]. વળી [illegible]. પીરસવામાં [illegible] ન [illegible] રાખવા. જમનાર [illegible] આપવું. પતિ[illegible] કરવું નહીં. [illegible] ક્રોધ કરવો નહીં. [illegible] મનમાં ઓ[illegible] લાવવું નહીં. જમતી વખતે આનંદ તથા મનની વાતો કરવી, [illegible] નિંદા કે બીજાની વાતો કરવી નહીં. જેથી જમનારના મનમાં દુઃખ [illegible]. [illegible] નહીં. [illegible] અને જમ[illegible] [illegible], તે તે [illegible] [illegible]

ચાનક કરે તો ભોજન કરનારનું ખાધું અંગે છે. વૈદ્યકશાસ્ત્રમાં લખે છે કે, "આનંદ અને ગંમત સાથે કરેલું ભોજન જલ્દી પચી જાય છે અને શોક તથા ભયથી કરેલું ભોજન અજીર્ણું રહેવાથી વિકાર ઉપજાવે છે." હમેશાં વખતસર પચે તેટલો ખોરાક ખવરાવવો. વિશેષ આગ્રહ કરી જમાડવાની ટેવ રાખવી નહીં. વિગય ખોરાકના કરતાં સાદો ખોરાક અતિશય ઉત્તમ છે. હમેશાં એક જાતનો ખોરાક આપવો નહીં- જુદો જુદો આપવો. સવારે એક પોહોર દિવસ ગયા પછી ભોજન કરાવવું અને સાંજે સૂર્યના અસ્ત પહેલાં અર્ધ પોહોરે ભોજન તૈયાર કરી જમાડવાનું રાખવું. સાંજ વખતે ભોજનની તૈયારી ઉતાવળથી કરવી. જો કદિ સાયંકાળના ભોજનમાં પ્રમાદથી વિલંબ થાય તો રાત્રિભોજનનું મહાપાપ લાગે છે. ભોજન કરાવ્યા પછી મુખવાસને માટે પાનસોપારી, ઇલાયચી, એલચી વગેરે કાંઈ ઘરમાં હોય તે તૈયાર રાખવા.

૫ ગૃહપદાર્થોની સગવડ [illegible]

રસ્તીમાં અગાઉ થાય છે. આટા, ખાંડ, સાકર, ઘી, તેલ વગેરે વસ્તુઓની જીવાતથી રક્ષા કરવી. સંચવાના ઠામ, પાણી સિંચવાના ડોરડા, શાક સુધારવાની છરી વગેરે વસ્તુઓ એક નિયમિત સ્થળે રાખવી. જ્યાં ત્યાં કાંઈ પણ રખડતું રાખવું નહીં. જ્યારે જોઈએ ત્યારે તે વસ્તુ તરત હાથ આવે તેમ રાખવી. જરૂરીને વખતે ફાંફા મારવાં પડે તેમ અવ્યવસ્થિત રાખવી નહીં. કોઈ ખાવાની ચીજ જરા વાર પણ ઉઘાડી રાખવી નહીં. પાણીઆરૂં અને રસોડું ખાસ કરીને સાફ રાખવું. કોઈ ઠેકાણે કરોળીયાના જાળ કે બાવા બાઝે તેમ થવા દેવું નહીં. દરેક વસ્તુ જ્યારે વાપરવા લેવી હોય, ત્યારે પુંજીને—ખંખેરીને વાપરવી. અને યતનાથી તેનો ઉપયોગ કરવો; કારણકે, જીવદયા પાળવી એ શ્રાવિકાનું મુખ્ય કર્તવ્ય અને ધર્મ છે.

૬ શયનગૃહની શોભા કરવી એ ગૃહકાર્યની વ્યવસ્થાનો છઠ્ઠો પ્રકાર છે. સુઘડ શ્રાવિકાએ પોતાના શયનગૃહને સુશોભિત રાખવું. આખો દિવસ ગૃહકાર્ય તથા વ્યવહારકાર્યથી કંટાળી શાંતિ મેળવવાનું જે સ્થળ છે, તે સ્થળને સર્વ રીતે શ્રૃંગારી સ્વચ્છ રાખવું. શયનગૃહનો ભાગ સર્વથી જુદો રાખવો. તે સ્થળ લીંપીગુંપીને સ્વચ્છ રાખવું. તેમાં સ્વચ્છ હવા મળે તેવી બારીઓ કે જાળીઓ રાખવી. સુવાનો પલંગ એવી રીતે નાખવો કે, જ્યાં સુતી વખતે શરીર ઉપર થઈને પવન જાય નહીં. કે બાહેરની દુર્વાસ આવે નહીં. શયનગૃહની અંદર પ્રમાદની વૃદ્ધિ ન થાય, તેને માટે એક ઘંટીયંત્ર રાખવું અને તેને આધારે સુવાનો તથા ઉઠવાનો અમુક વખત નિયમિત કરી તે પ્રમાણે ચાલવું તે ગૃહની બીજી તરફ જુદા ભાગમાં પુસ્તકાલય કરવું. તેની આસપાસ જૈનધર્મ વીરોના તથા આર્યાવર્તના પરાક્રમી પુરૂષોનાં અને પવિત્ર સતીઓનાં ચિત્રો રાખવાં; જેમનું વારંવાર દર્શન કરવાથી હૃદયમાં ઉત્તમ ભાવના આવ્યા કરે. શયન-

રેતુ બજારમાંથી આવે તેને ઘેર તોલ કે માપથી ઉઠાંઠી લેવી, કારણ કે, ઘણાં ધૂર્ત વેપારીઓ તેમાં દગો કરે છે. લેવડદેવડના વ્યવહારમાં હિસાબની જરૂર છે, તેથી સુજ્ઞ શ્રાવિકાએ હિસાબી જ્ઞાન મેળવવું જોઇએ. જો થોડું ઘણું હિસાબ કરવાનું જ્ઞાન હોય તો સામો માણસ છેતરી શકતો નથી.

૮ કરકસર એ ગૃહકાર્ય વ્યવસ્થાનો આઠમો પ્રકાર છે. વ્યવહારનીતિમાં કરકસરના ગુણને સારીરીતે વખાણેલો છે. કરકસર કરવાનો ગુણ પુરૂષ કરતાં સ્ત્રીએ રાખવો જોઇએ. જે સ્ત્રીમાં એ ઉત્તમ ગુણ રહેલો નથી, તે સ્ત્રીનો ગૃહવ્યવહાર નઠારી સ્થિતિમાં આવી જાય છે. કરકસર એક સાપ્રકારની આવકની સમાન છે. કરકસર કરી બચાવેલું દ્રવ્ય વૃદ્ધાવસ્થામાં ઉપયોગી થઈ પડે છે. કરકસરના ઉત્તમ ગુણને ધારણ કરનારી ઘણી શ્રાવિકાઓએ પોતાનો શ્રાવક સંસાર સુખમય કર્યો છે. જે ચીજ એક રૂપીયે મળતી હોય, તેવીજ બીજી ચીજ પંદર આને મળે તો તેજ લેવી. જેનાથી કાર્ય સરતું હોય તેવી ચીજ લેવાનો આગ્રહ રાખવો. એક પૈસાના તાડપત્રના પંખાથી પવન લેવાનું [illegible] હોય તો [illegible] ભભકાદાર ઉંચી કીમતના પં[illegible] લેવા [illegible] એવી નાનીશી ચીજ નકામી [illegible] નહીં. [illegible] નોંધવું. [illegible] આખતન નાની ગણી [illegible] હિસાબ [illegible] તે [illegible] ગોઠવાવો. [illegible] નહીં. [illegible] આઠેથી ચાલી શકતું હોય તો [illegible] નહીં. [illegible] સુજ્ઞ શ્રાવિકાએ પોતાના ઘરની સ્થિતિ વિચારીને [illegible] સ્નેહીઓના [illegible] નહીં. [illegible] કરવા તૈયાર થાય તો

ઉજ્વલ પ્રવર્તન એથીજ આદરણીય ગણાએલું છે. ગૃહસ્થ શ્રાવિકાએ ગૃહકાર્યની વ્યવસ્થામાં પ્રવીણ થવું જોઇએ અને તેનેજ પોતાનું મુખ્ય કર્ત્તવ્ય માનવુ જોઇએ. એવી ઉત્તમ શ્રાવિકા બીજાને અનુકરણીય બને છે અને જગત્માં તેણીના ગૃહધર્મનું યશોગાન થાય છે.



શ્રાવકબાળાનો વિવાહ કરવામાં આવતો અને તેથી તેઓ વિવાહ વિધિના સ્વરૂપને સારી રીતે સમજતા હતા. કારણ કે, જ્યારે પુત્ર પુત્રી ભણીગણી સમજતાં થયાં હોય, ત્યારે તેમનો વિવાહ કરવામાં આવતો હતો. વળી મોટી વયે સ્ત્રી તથા પુરૂષ પરસ્પર પોતપોતાના ગુણદોષ પારખી શકે છે અને તેમનું કોઈ જાતનું કજોડું થતું નથી. પરસ્પર ગુણદોષ જાણ્યા વિના વિવાહ કરવો એ ઘણુંજ નુકશાનકારક છે. જો તેમનું જોડું વયથી કે સ્વભાવથી કજોડું થયું તો પછી તેમનો આખો ભવ બગડે છે. અને પ્રશંસાપાત્ર ગણાતો શ્રાવકસંસાર નિંદાપાત્ર બને છે

વિવાહ સંસ્કાર થયા પહેલાં વિવાહ સંબંધનો પ્રકાર દર્શાવેલો છે. તે આજકાલ વાગ્દાન અથવા વેવિશાળના નામથી ઓળખાય છે. તે પ્રસંગે જણાવ્યું છે કે, સમાન કુળવાળા સાથે વિવાહ સંબંધ નક્કી કરવો કન્યા વર કરતાં નાની વયની પસંદ કરવી. કન્યાના કરતાં ત્રમણીથી વધારે વયવાળા પુરૂષને કન્યા આપવી નહીં.

આજકાલ જૈન પ્રજામાં અન્યમતિઓના ધર્મવિધિ પ્રમાણે લગ્ન થાય છે, એ ઘણી અફસોસની વાર્તા છે તથાપિ આક્રમ પ્રસિદ્ધ થયા પછી કેટલાએક આસ્તિક જૈન ગૃહસ્થો જૈન વિધિ પ્રમાણ વિવાહ કરાવવા લાગ્યા છે એટલી સંતોષની વાત છે

જૈન લગ્ન વિધિનાં પ્રથમ માતૃકાદેવીઓ અને સાત કુળકરોની સ્થાપના કરવામાં આવે છે. તે વિવાહિત વરકન્યા દંપતિના વંશની વૃદ્ધિ સૂચવે છે.

હસ્તમેળાપ વખતે ઉત્તમ મંત્રોથી તત્ત્વવાદ બચવનાગે જૈન આર્ય વેદનો મંત્ર આર્હતક્રિયાથી ગર્ભિત પોતા સત્ક્રિયા દર્શાવે છે અને કન્યાદાન કરી ગુરૂ ઉત્તમ મંત્ર ગૃહસ્થ રાજવાન આવ આપે છે. પછી ચોરીમાં કુંડ અગ્નિના સ્થાપનામાં હોમ કરવામાં આવે છે, અને તેવી લાજ઼પાળ વિધિ પછી ફેરાનારી એ મંગળ કાર્યમાં તેમ-

દશ આંઉસ પાણી નાંખી તેનો ઉકાળો કરવો. અને તે પાકલાક સુધી રાખી ઠરી પાડી, તેને ગાળી નાંખવો. પછી તેમાંથી બેથી ત્રણ આંઉસ જેટલો દહાડામાં ત્રણવાર પાવો. તેથી એ દરદ શાંત પડી જાય છે. એ દરદીને ચા, કાફી વગેરે પાવા નહીં. શક્તિ આવે તેવો દુધનો ખોરાક આપવો અને દરરોજ તેને કસરત કરાવી ખુલ્લી હવામાં ફરવા દેવું—

૪ ઉંઘ આવવાનો ઉપાય. શાંતિથી ઉંઘ આવવી—એ સારી તંદુરસ્તીનું મુખ્ય ચિન્હ છે. જો રાત્રે બરાબર ઉંઘ ન આવે તો ખાધેલો ખોરાક પચતો નથી અને તેથી અજીર્ણ થઈ આવે છે. જો ઉંઘ ન આવતી હોય તો સુતી વખતે લીંબુનું શરબત દોઢ ગ્લાસ જેટલું પીવું. અને હાથના પોહોંચા અને પગના તળીયા ટુવાલે જોરથી ઘસાવવા—તેથી તરત ઉંઘ આવે છે.

સુવા અગાઉ ગરમ પાણીએ ન્હાવાથી, દોડવાથી, અથવા ખુલ્લી હવામાં ઝડપથી ચાલવાથી બદનમાં એક સરખી રીતે લોહી ફરવા માંડે છે એટલે તરત ઉંઘ આવી જાય છે.

બીછાના ઉપર સુતા પછી કોઇ બાબતનો વિચાર કરવો નહિં. અને જ્યાંસુધી ઉંઘ ન આવે ત્યાંસુધી એક હજાર સુધી ગણ્યા કરવું એટલે ઉંઘ આવે છે.

૫ ઉજાગરાનો ઉપાય. જો કોઇ કારણથી ઉજાગરો થયો હોય તો એક તોલો સાકર અને એક તોલો લીંબુનો રસ નાખી પીવો, અથવા ગાયના દૂધમાં પાણી અને સાકર મેળવીને પીવું, અથવા દિવસે બે ત્રણ વખત ગરમ ગરમ કાફી પીવી. એથી ઉજાગરાની બેચેની ઉતરી જાય છે અને તબીયત સારી થાય છે.

૬ સુસ્તીનો ઉપાય. પાચન શક્તિ ઓછી થવાથી અને શરીરનું લોહી બગડવાથી શરીરે સુસ્તી રહ્યા કરે છે, સ્મરણ શક્તિ ઓ-

થી થાય છે, માથું દુખે છે, આંખોને ઝાંખ મારે છે, અને કાનમાં સણવ-ણાટ થયા કરે છે. તે વખતે બેઢાંમકરીયાતું, અડધો ડ્રામ પીંપળીમૂલ એક ડ્રામ કાળામરી, અને દશ આંઉસ ખળખળતું પાણી તે બધાને ઉકળતા પાણીમાં નાખી અને તેને ગાળી દિવસમાં ત્રણવાર પીવું; તેથી સુસ્તી મટી જાય છે અને શરીરમાં જામતી થાય છે.

૭ તાવનો ઉપાય—તાવવાળા માણસને જો તરસ ઘણી લા-ગતી હોય તો તે નરમ પાડવાને જવનું અથવા આમલીનું પાણી આપવું અથવા પાણીમાં જરા મધ મેળવીને આપવું. જો ઠંડી લાગતી હોય તો,જવનું પાણી, ચા, અને ગરમ પાણી આપવું. જો તેને ઝાડો કબજ હોય તો જુલાબ આપવો અને ઝાડા ઘણા હોય તો તેને બંધ કરવો. અને જો સાથે માથાનો દુખાવો ચાલુ હોય તો કોલનવોટરમાં પાણી મેળવી, તેમાં કપડું બોળી માથા ઉપર મુકવું અથવા બરફ ફે-રવવો અથવા બરફ ન હોય તો સુંઠનો ભુકો ગરમ પાણીમાં મેળવી માથા ઉપર લગાડવો. જ્યારે અંગમાંથી તાવ જતો રહે ત્યારે શક્તિની દવા અને હલકો પુષ્ટિકારક ખોરાક આપવો.

તાવના ત્રણ પ્રકાર છે. રોજ઼ીંદો, એકાંતરીઓ, અને ચોથીઓ. તે બધા તાવને માટે બે ડ્રામ કરીયાતું, એક ડ્રામ જદવર, એક ડ્રામ આમળા અને બે આંઉસ ગુલવેલ એ સઘળાને ખાંડી. ઝીણા કપડામાં ચાળી મેળવવા અને એ ભુકીમાંથી વીશ કે ત્રીશ ગ્રેન લઇ પાણી સાથે દિવસમાં ત્રણ વખત તાવ ન હોય ત્યારે આપવું. અથવા રોજ સવારે તાવ ન હોય ત્યારે પાંચ ગ્રેન ક્વીનાઈન લેવું અથવા એક તોલો સોના-મુખી અને એક તોલો કરિયાતું, એ બન્ને લઇ દોઢ પ્યાલો પાણી નાખી ઉકાળવું. અને અરધો પ્યાલો પાણી રહે કે કપડાંથી ગાળીને પી જવું. તેથી ઝાડા આવી તાવ નરમ પડશે. અને એજ પ્ર-માણે બીજે દિવસે પણ કરીને પી જવું એટલે તાવ આવતો જશે.

તાવ ગયા પછી શકિતને માટે કાવો.

એક તોલો કરીયાતાની પાનડી, એક તોલો ધાણા, અને એક તોલો સાકર—એ ત્રણેને ઉકાળી ગાળી નાખવું. પછી તે એક ગ્લાસ જેટલું દિવસમાં બે વખત પીવું તેથી શકિત આવશે અને ભુખ લાગશે.

ટાઢીઆ તાવ.

જેને ટાઢીઆ તાવ આવતો હોય, તેને તાવ આવવાની અગાઉ પાંચ છ કલાક અગાઉથી ચાર ગ્રેન ક્વીનાઇન દર ત્રણ કલાકે દિવસમાં [illegible] આપવું અથવા જે ઉપાય એકાંતરા તાવમાં લખેલા છે તે કરવા.

એવું કરીને તાવવાળા માણસને પસીનો આવવાથી તાવ નરમ પડે છે, તેથી તેને પસીનો લાવવાની જરૂર છે. દશ ગ્રેન ડોવર્સ પા- [illegible] ગરમ પાણીમાં [illegible] અથવા જ્યારે તાવ આવે અને ગરમી નરમ થાય ત્યારે આપવું એટલે પસીનો થવા માંડશે.

[illegible]

[illegible]

[illegible]

૨ ત્રીશ ગ્રેન પીપર, પંદર ગ્રેન હીંગ, આઠ ગ્રેન સુંઠ, એ ડ્રામ હીમજ, અને એક ડ્રામ હરડે એ બધાનો બારીક ભુકો કરી સઘળું મેળવવું અને પછી પંદર ગ્રેન જેટલી ફાકી હમેશાં ત્રણવાર લેવી.

૩ ભારે ખાવું ખાવાથી, ઉજાગરો કરવાથી, અને ખાઈ તરત સુવાથી કોઈવાર અજીર્ણ થઈ આવે છે. તે વખતે ખાટા ઓડકાર આવે છે, પેટમાં દુખાવો થાય છે, પેટ આવે અથવા ઓકારી આવે છે. તે ઉપર ઉલટી કરવાની દવા લેવી. એક ચમચો રાઈ અથવા બે ચમચા નીમક લઈ તેને ગરમ પાણીમાં નાખીને પાવું અને ખાધું પીધું ઓકાવી કાઢવું અને ઉલટી કીધા પછી સોડાવોટર પાવું.

જો અજીર્ણ થવાથી ઝાડો થયા કરતો હોય તો એક આંઉસ પ[illegible]ના ગાંઠના ભુકો બે ડ્રામ તજનો ભુકો, તેને ત્રીશ આંઉસ [illegible] ઉકાળવો. પછી ઠંડું પડયા કેહેને તે ગાળી [illegible]—[illegible] બે આંઉસ જેટલું કલાકમાં ચાર વાર લેવું [illegible] એક ડ્રામ હીરાકશન, અડધો ડ્રામ [illegible]—આ બધાને મેળવીને પંદરથી ૩૦ [illegible] કાઢવું જો ઝાડોબંધ હોય તો [illegible] આઠેન [illegible] તેમાં અડધો તોલો આદુનો [illegible] પેટ હલકું પડી જશે.

[illegible] અથવા [illegible] કરીને અજીર્ણ [illegible] થાય છે તે વખતે ઝાડો [illegible] પેટ વાયુથી ફુલે છે અને ઉલટી [illegible] બે ડ્રામ [illegible] એ ડ્રામ એલચીથી, [illegible] તેમાં થોડું મધ મેળવી એક [illegible] ઝાડો અને વાયુ [illegible]

મરડો—આ દરદમાં પહેલે દિવસે એરંડીયાનો જુલાબ [illegible]
વો. પછી હીમજહરડે એક તોલો લઈ તેને ઘીમાં તળવી. [illegible]
એક તોલો હિમજહરડે કાચી રાખી તે બને કુંટી, બારીક [illegible]
કપડાથી ચાળવી અને તેમાં બે તોલા છુંદેલી સાકર નાખ[illegible]
પછી દરરોજ અડધા તોલાને ફાકવી.

વીશથી ત્રીશ ગ્રેન શંખજીરૂ લઈ તેને ખાંડમાં મેળવવું [illegible]
દર ત્રણ કલાકે ફાકવું અને પેટ ઉપર શેક મુકવી અથવા શેક કર[illegible]
તેથી મરડાનો વ્યાધિ મટી જાય છે.

બે મહીના કરતાં લોહી ધોળું પડતું હોય અથવા મુદત [illegible]
પડતું હોય તો હીમજહરડેને એરંડીયામાં તળી તેનો બારીક ભુ[illegible]
કરી. કપડાએ ચાળી અડધો તોલો લઈ તેમાં અડધો તોલો સાકરનો
ભુકો મેળવી ફાકવું.

આ [illegible] દર્દીના [illegible] સિવાય બીજુ કાંઈ ખાવું નહીં.

કોલેરા [illegible] થઈ જાય છે, [illegible] ચાખાના ધોયેલા
પાણી [illegible] થાય છ. આફરી આવે છે અને
[illegible] અર્ગીન. [illegible] કામ મુકા
[illegible] તેલ —એ
[illegible] બનાવવા. પછી એકેકી
[illegible] પછી [illegible]

[illegible] બન્નેને [illegible]
[illegible] નાખી [illegible] એક
[illegible]

[illegible] હોય તો [illegible]
[illegible]

ધળાને મેળવી નાખવું અને દર બાજુ બાજુ કલાકે દશથી વીશ ગ્રેન જેટલું ફાકવું.

દરરોજ સવારે ઉઠની વેળા ગરમ પાણીનો એક નાનો પ્યાલો પીવાથી ઝાડોકબજ રહેતો નથી.

રાત્રે સુતી વખતે કાળી દ્રાખ ખાવાથી અથવા દૂધ ગરમ કરી તેમાં નીમક નાખી પી જવાથી બીજે દિવસે ઝાડો સાફ આવે છે.

સુકીખાંસી—રાત્રે ગરમ પાણીનો બાફ લેવો, અથવા ગરમ પાણીમાં પગ બોળવા તથા દશ ગ્રેન સુકોખાર ગરમ પાણીમાં નાખીને પી જવું પછી ગરમ બનુસ ઓઢીને સુઈ જવું અને પરસેવો વળે કે કપડા બદલી નાંખવા.

અડધો તોલો ખસખસ, અડધો તોલો વરીઆળી, અડધો તોલો બદામ, પા તોલો કાકડીનાં બીજ, પા તોલો તરબુજના બીજ, પા તોલો દૂધીનાં બીજ, અને એક તોલો સાકર—દરેક બીજના છોડા કાઢી એ સર્વેને છુંદીને રસ કાઢી —તેને ગાળી નાખવો અને તેમાં અડધો તોલો ગાયનું ઘી કકડાવી ભેળવી પી જવું. એથી સુકીખાંસી નાબુદ થાય છે.

એક દ્રામ નારીકુનનો મકો [illegible] જેંટીનના શીશો—એ બન્નેને મેળવી તેના [illegible] તેમાંથી [illegible] ચાળીશ ગ્રેન સુધીનું [illegible] સાંજે ફાકવું. સુકીખાંસી [illegible] ગાયનું [illegible] કાંઠ, પકવેલું ગાયનું દૂધ અને [illegible] ખોરાક આપવો અને [illegible] તેલ [illegible]

બલ બમવાળી ખાંસી [illegible] પાણીવાળા કપડાને છાતી ઉપર રાખી મુકવી. અથવા [illegible] ફલાલીનનો ગરમ શેક કરવો. અથવા [illegible], [illegible] ભાગ અળશીના [illegible] તથા [illegible] ભાગ [illegible] — [illegible] પાણીમાં રાંધવું અને

પછી તે કપડા ઉપર પાથરીને તેનો ગરમાગરમ શેક એક કલાક સુધી કરવો. અને પછી તે પોટીસને છાતી તથા બરડા ઉપર બાંધી લેવી અને ત્રણ કલાક વીત્યા બાદ પોટીસ છોડી પછી પાછો શેક કરવો—એ પ્રમાણે દિવસમાં ચારવાર ગરમ શેક કરવો. બે તોલા જેઠીમધનો શીરો, બે તોલા ઉત્તમ બાવળનો ગુંદર, એક તોલો ધઉંનો નિસાસ્તો, પા તોલો કાળામરી, બે તોલા સાકર, પા તોલો કેશર. એ બધી દવાને એકઠી કરી ચણા જેવડી ગોળીઓ બનાવવી અને તે પાંચથી પંદર સુધી આખા દહાડામાં ચૂસવી

ગુલ દસ્તાની છાલ મુખમાં રાખીને ચૂસવાથી બળગમી ખાંસીમાં ઘણોજ ફાયદો થાય છે.

દારૂણ—જ્યારે દારૂનું ઝેરમાં ચડી આવે ત્યારે એક ચમચો રાઈ અથવા નીમકને ગરમ પાણીમાં નાખીને પી જવું. જેથી ઉલટી થઈ ... હોય તો હલકો જુલા-

... કાળામરી—બે ... તેનાથી ...

...

ખોરાક લેવાથી અથવા સાદેજ ઉંચેરથી બોલવાથી ગળું પડે છે અથવા બાંરો બેશી જાય છે.

૧ કાળાંમરી અને કાથની છાલને પાણીમાં ઉકાળી તેથી કોગળા કરવા.

૨ કાથાનો અથવા સુંઠનો કટકો અથવા ટંકણખાર તેમાંથી ગમે તેનો કટકો મોઢામાં રાખવાથી ગળું સુધરી જાય છે.

૩ જો અવાજ કાઢતાં ગળું દુઃખે તો માખણ અને સાકરનો ભુકો મેળવીને ખાવો.

ભુલથી પેટમાં ગયેલા જંતુનો ઉપાય—ચોમાસામાં અનેક ખાવાના પદાર્થોમાં ઝીણાં જંતુઓ રહે છે, તેથી દરેક ચીજ તપાસીને ખાવી. તેમ છતાં પ્રમાદને વશ થઈને જો પેટમાં કોઈ જાતની જીવાત આવી ગઈ હોય તો તેથી [illegible]—તેથી તેનો ઉપાય કરવાની જરૂર છે. [illegible]

[illegible]

[illegible]

થઈ જાય છે અને દમ લઈ શકાય છે

સોજમ - અજીર્ણ જો આ દરદ જોરાથી થઈ આ

સવારમાં પાશેર દૂધમાં અડધો તોલો ગુંદ બુકીને નાખવી અને

ધને ગરમ કરવું અને ગરમગરમ પીવું એમ સાત દિવસ સુધી પ

થી તે દરદ હલકું પડી મટી જશે. ને વખતે ખોરાક હલકો લેવો.

રેને આંખની સાજો ઉપર ચોંટાડી બાફીસીસાઈનમાં બોળી,

નાકમાં ફેરવવાથી સળેખમ તરત નરમ પડે છે.

જો સળેખમ જોરમાં હોય અને સાથે ખાંસી પણ થયો હોય અ

તેથી ઘાંટો બેશી ગયો હોય તો સાત નંગ સુકા ઉનાબ, બાર નં

મુકા સપીસ્તાન દશ નંગ ખાખારા આસુ. ત્રણ ડામ કાશની, બે ડ્રા

મ બનફશા અને બાર આંકેસ ખખળતું પાણી લઈ તેનો કાવો બના

વી. તેના [illegible] ભાગ કરી [illegible] ભાગ [illegible] કલાકે પીવો.

માથું [illegible] તાવની [illegible] માથું દુખતું હોય તો

[illegible] તેથી ફેરી થશે અને મા-

[illegible]

[illegible] નીકાનરીન એવી-

[illegible] અને બે ડામ ગુલકંદ

[illegible] જ્યારે માથું દુખે ત્યારે

[illegible] કરો.

[illegible] નહીં નરમ કરીને અથવા

[illegible]

[illegible] ગલીસરીનમાં પાણી મેળવી.

[illegible] ઉપર બરાબર ફેરવવો.

[illegible] સાકરની જલેબી ખાવી.

[illegible] આવતી થાય છે, તે ખસીને [illegible]

કરી અને માથા ઉપર તાળુીને પાટો બાંધવો, અથવા પાંચ ગ્રેન કવીનાઇન માથું દુખવાની પહેલાં દોઢ કલાકે લેવું. અથવા ગરમ પાણીથી માથું શેકવું અથવા શરસીઆ તેલનાં બે ટીપાં કાનમાં નાખવાથી આધાશીશી તરત મટી જાય છે.

માથાની ઉંદરી—ખોડો - એક આંઉસ લીંબુનો રસ, એક આંઉસ કોપરેલ, એ બંનેને મેળવી માથામાં નાંખવું. તે નાંખીને ઘસવું. એમ દશબાર દિવસ સુધી ઘસવાથી માથાની ઉંદરી—ખોડો નાબુદ થઈ જાય છે. અથવા હીંમજહરડેને ઘીમાં તળી બારીક ભુકો કપડછાન કરી માથા ઉપર લગાડવાથી તે દર્દ મટી જાય છે.

મોં આવી જવું [illegible] ગરમીથી મોં આવી જાય છે અને તેથી જીભ, તાળવું અને ગાલ પાકી રાતાં થાય છે કે ચાંદાં પડે છે. તે ઉપર [illegible] પડે છે. ઉપાય—[illegible] કુલાવી [illegible] અથવા [illegible] અને [illegible],
[illegible]

[illegible]

મેળવી તેમાંથી પાંચ પાંચ ગ્રેન ચાર ચાર કલાકે આપવું અને છા ઉપર નાગરવેલના પાનથી શેક કરવો. છાતીની આસપાસ અળ ચારી ઉના કરી તેનો લેપ કરવો.

ઉંટાટીયું—આ ખાંશી નાના બાળકને શરદી વગેરેથી થાય છે ને ખાંશી બાળકને ગુંગળાવી નાખે છે. ફટકડીને ફુલાવી પાંચથી દશ ગ્રેન બાર પાણી સાથે મેળવી ગળામાં પીચકારી મારવી, જે ન ગળાઈ હોય તો કવીનાઈન, લોહાનો અર્ક, અને કોડલીવર ઓઇલ પાવું અને જુલાબ માટે સોનામુખીની ચાહ અથવા એરંડીએલ તેલ આપવું. ખાંગક દૂધ કે કાંઢનો આપવો.

આંચકી— આ દરદથી શરીર વારંવાર ખેંચાય છે અને કમાનની પેઠે થઈ જાય છે. જ્યારે બાળકને દાંત આવે. પેટમાં કૃમિ પડે ત્યારે આ દરદ ઉત્પન્ન થાય છે. તેમજ માતાને પણ એવા કોઈ કારણથી એ દરદ થ [illegible] [illegible] મગજમાંથી ઉત્પન્ન થાય છે. માટે તે [illegible]

[illegible]

પડવા દેવું અગર તે ઉપર કારીબાર લગાડવું. અથવા તે ડંખને ડામ દઇ બાળી નાખવો. તે બીમારીવાળાને અંધારામાં રાખવો. તેને કસ્તૂરી સુંઘાડવી. અથવા કુકડવેલને પાણીમાં વાટી એક નવટાંક પાણી પાવું, તેથી તેને વમન થશે. જ્યાંસુધી વમન ન થાય ત્યાંસુધી એ ઉપાય કર્યા કરવો. એવી રીતે દર અડવાડીયે કરવાથી એ દરદનું વિષ નિર્મૂલ થઈ જાય છે.

શીતળા—આ રોગના બચાવ માટે ગોશીતળાની રસી મુકવાનો ઇલાજ ખાત્રી ભરેલો છે. તેમ છતાં જો પ્રમાદથી એ ઉપાય થઇ શક્યો ન હોય અને જો શીતળાનો દબાવ થઈ આવે તો તેને માટે નીચેનો ઉપાય કરવો.

લીમડાના કુમળા પાંદડા અને જેઠીમધના છોડીઆનો ભુકો—એ બંને સરખે ભાગે લઇ તેમાં જરા પાણી નાંખીને વાટવું અને તેને એકરસ કરવું, પછી તેની પાંચ પંચ ગ્રેનની ગોળી બનાવવી અને શીતળાની શરૂઆતમાં શીતળાના દાણા પાકે તે અગાઉ એકેકી ગોળી દિવસમાં ત્રણ ચાર ખાવી. એ ઉપાયથી તાવનું જોર ઘણું નરમ પડે છે તથા શીતળાના દાણા જલદી બહાર નીકળે છે. તેમજ શીતળામાં ખમવી પડતી બીજી વેદનાઓ ઘણી કમતી રહે છે.

શીતળા નીકળ્યા પછી મોઢા ઉપર ચાઠાં અથવા ખાડા પડી જાય છે, તેથી એ શીકલ બેહુદી થઇ જાય છે. માટે તેના ઉપાય કરવા. ગરમ દૂધ અને પાણી બંને મેળવીને દિવસમાં ત્રણ ચાર મોંઢું ધોવું —એટલે તે ચાઠાં અથવા ખાડા પડતા નથી.

આમણી [illegible] એક જાતનું ગુમડું થાય છે. તે આમણીના નામથી ઓળખાય છે. અડધો તોલો મેંદલકડી, અડધો તોલો શીકેતરી [illegible] અડધો તોલો [illegible]—એ બધાને કુમારના રસમાં મેળવીને ચોપડવું. જેથી તે પાકીને ફુટી જશે અથવા તો

તોલો સુકા આંમળા, અર્ધો તોલો ફટકડી અને એક તોલો કુવાડી આનાં બીજ—એ સઘળાને ખુંદી કપડાએ ચાળી લીંબુના રસમાં તેની ગોળી બનાવવી પછી જે જગ્યા ઉપર દાદર થઈ હોય ત્યાં એ ગોળી લીંબુના રસમાં અગર પાણીમાં ઘસીને લગાડવી.

ખીલ—એક તોલો કડવાં બદામનાં બીજ લઈને છોલીને પાંચ તોલા ગુલાબના પાણીમાં સારી પેઠે ખુંદી, તેને ઝીણા કપડાથી ગાળી લઈ તે પાણી દરરોજ બેવાર ખીલ ઉપર લગાડવું.

બીજોંવેલા ચોખાનું પાણી અને ફટકડીનું પાણી એ બન્નેને મેળવી મોઢા ઉપર ચોપડવાથી ખીલ થતા નથી.

ઠંડીથી હોઠ તથા ચામડીનું ફાટવું—અર્ધો આંઉંસ સફેદ મીણ, દોઢ આંઉંસ બદામનું તેલ, એ બન્નેને તાવી તેમાં ગુલાબના અત્તરના થોડા ટીપા નાંખવા અને તે શીશીમાં ભરી રાખવું. જ્યારે કામ પડે ત્યારે આમાંથી ઉપર ચરીને હોઠ અથવા ચામડી ફાટી હોય ત્યાં લગાડવું અથવા અર્ધો આંઉંસ [illegible] તેલ અને અર્ધો આંઉંસ [illegible] [illegible]

[illegible] અથવા ઘા લાગે તેના ઉપાય—[illegible] [illegible] [illegible] સારી નીકળે છે, [illegible] [illegible] સારી નીકળતું [illegible] તેના બધી [illegible] [illegible] પીચકારીની [illegible] નીકળતી [illegible] [illegible] સારી નીકળતું [illegible] સુધી નાખી રાખી [illegible]—[illegible] ઉપર [illegible]

[illegible] [illegible] [illegible] બીજ [illegible] [illegible]

ને ડાળા ઉપર ગલીસરીનના ટીપા નાખવાથી જે કંઇ વસ્તુ ગઇ હોય તે નીકળી પડે છે.

જો આંખ સુજી ગઇ હોય અથવા તેમાંથી પાણી ઝરતું હોય તો ખસખસના ગરમ પાણીથી આંખોને ધોયા કરવી અને ખસખસના પોસનો શેક કરવો.

જો બચ્ચાંની આંખ આવે અને તેમાંથી રસી વહેતી હોય તો ૭ ગ્રેન ફટકડી ને એક આંઉસ પાણીમાં ભેળી તે પાણીની પીચકારી તેની આંખોમાં મારવી અને પાપણો વળગી ન જાય તેને માટે સારો મલમ અથવા માખણ લગાડવું.

જો આંખનું તેજ ટકાવી રાખવું હોય તો રાત્રે સુતી વખતે વીલાયતી એરંડીયું આંજીને સુઇ જવું, જેથી ગરમી ઘણી દુર થશે તો સવારમાં આંખ આગળ પડ બંધાયેલું માલુમ પડશે તેને સાબુ અને પાણીથી સાફ કરી નાંખવું. જેઓની આંખો નબળી હોય, તેમણે બનતાં સુધી થોડું વાંચવું. રાત્રે વાંચતી વખતે દીવાને પોતાની પીઠ તરફ રાખવો. ઘણાં ઝીણા અક્ષરવાળી ચોપડી વાંચવી નહીં. અગર વાંચતી વખતે અથવા લખતી વખતે જો આંખ દુખી આવે તો થોડીવાર તે એકદમ છોડી દઇ આંખો બંધ કરવી અને પછી ગમે તો પાછું વાંચવું. અને દિવસમાં બે ચાર વખત ઠંડા પાણીના છાંટા આંખોમાં મારવા.

કાનના દરદો. જો કાન ઉપર કે તેની નજદીક માર પડે, કાનને શરદી લાગે તેમાં અતિશય [illegible] થાય અથવા કાનમાં અંદર મેલ ભરાય નહીં અને તેથી ન બહેરાશ આવે તો તે વખતે બનતાં સુધી કાનના ડાક્તરની મદદ લેવી.

[illegible] કાન [illegible]. જો કાન મીઠું તેલ ને લસણ ને ભેગાં [illegible] ને તેના ટીપાં સવાર સાંજ કાનમાં નાખવા.

દુખતા દાંત આગળ અક્કલકરાનો કકડો રાખવાથી તે દુઃખાવો નરમ પડશે.

દુખતા દાંત અથવા દાઢની આગળ માયુ રાખવાથી પણ ઘણો ફાયદો થાય છે.

દાંતને સાફ કરવાના મંજનો—સાધારણ કોલસાને વાટીતેને કપડાથી ચાળવો અને તેમાં થોડું વિલાયતી નીમક ભેળવવું. આ ભુકીથી દરરોજ દાતણ કીધું હોય તો દાંત ઘણા સાફ રહે છે અને મોઢું દુર્વાસ મારતું નથી.

સવા તોલો કપૂર પાંચ તોલા પ્રિપેડચોક, અને પાંચ તોલા કોલસાનો ભુકો—લઇ તેમાં ગુલાબના અત્તરના ચાર ટીપા પાડવા. ને તૈયાર કરેલું મંજન લગાડવાથી દાંત હમેશાં સાફ રહે છે.

જો દાંત હાલતા હોય તો થોડાક ગુલાબના ફુલને પાણીમાં ઉકાળી તે પાણી છ આઉંસ લઈ તેમાં એક આંઉસ ટંકણખાર અને એક આંઉસ મધ મેળવી તેના સવાર સાંજ કોગળા કરવા જેથી દાંત મજબૂત થઇ જશે,

જો દાઢ દુખતી હોય તો રૂ ઉપર લવિંગના તેલના બે ત્રણ ટીપાં નાંખી તે રૂ દુખતી દાઢમાં મુકવાથી દાઢનો દુઃખાવો મટી જશે.

ધાવણ વધારવાના ઉપાયો—જો બાળક જન્મ્યા પછી સ્ત્રીને ધાવણ આવતું ન હોય તો તેનો ઉપાય કરવો. અડદનો આટો અને વટાણાની સીંગ ખાવાથી ધાવણમાં વધારો થાય છે.

જંગલી તુળશીના પત્રને વાટી તેમાંથી નવટાંક રસ કાઢી તેમાં કડવા વાળનો આટો ચાર તોલા મેળવી તેને થાન ઉપર ચોપડવાથી દૂધ વધે છે.

વધારે ચડેલા ધાવણનો ઉપાય—જો કોઈ ઓરતને વધારે ધાવણ ચડી ગયું હોય તો તેથી દરદ થાય છે અને કોઇ વખત તેમાં દૂધની ગાં-

તો પણ બગાડ થાય છે તેથી તેવી સ્ત્રીએ ચીકણા પદાર્થો ખાવા ન
જુલાબ લઈ કોઠો સાફ રાખવો. અને બદામનાપાંદડાં છુંદીને થ
પર બાંધવા. અથવા થાન ગરમ પાણીએ ઝારવા અને તે ઉપર ગ
પાણીનો શેક કરવો. અને ગરમ પાણીમાં કપડું નીચોવી થાન ઉપર મુ

પુરત જન્મેલાં બચ્ચાંને માટે ખોરાક—બચ્ચાનો જન્
થયા પછી જો માતાને દૂધ આવતું ન હોય તો તે બચ્ચાંને નીચે પ્રમ
ણે ખોરાક આપવો.

એક ચમચો ગાયનું તાજું દૂધ, અને બે ચમચા ગરમ પાણી અને
જરા ખાંડ નાંખી પાઈ દેવું. તે બબ્બે ત્રણત્રણ કલાકને આંતરે આપવું
જો તેની માતાના થાનમાંથી દૂધ આવે તો તે પાવાનું બંધ કરવું.

મોટા બચ્ચાંને માટે ખોરાક—બચ્ચું મોટું અને ખાતુંપી-
તું થાય તો તેને વખતસર તથા નિયમસર ખોરાક આપ્યાથી તેની તંદુ-
રસ્તી સચવાય છે.

સવારે આશરે ૭ વાગે સ્હેજ ગરમ કીધેલું દૂધ, અથવા રોટલી
આપવી.

પછી નવ વાગે રોટલી અને દૂધ આપવું. બપોરે બારવાગે કાંઈ
પણ સાદો ખોરાક આપવો અને સાંજે છવાગે બપોરના કરતાં જરા
હલકો ખોરાક આપવો.

બચ્ચાંને સારૂં હમેશાં શાકભાજીનો ખોરાક આપતાં રહેવું કે
જેથી દસ્ત સાફ આવે.

નાનાં બચ્ચાંને ઉછેરવાની ઉપયોગી સૂચના

બચ્ચાંને સારૂ અને નિરોગી દૂધ મળે તેને માટે માતાએ સાદો
અને હલકો ખોરાક ખાવો. તેને વખતસર ખાવાની ટેવ પાડવી
ખવી. અને દર પખવાડીએ હલકો જુલાબ આપવો. જો કોઈ પણ
જાતની અડચણને લઈને માતાને દૂધ આવતું ન હોય તો બચ્ચાંને બકરી.

નું અથવા ગાયનું દૂધ લઇ તેમાં થોડું પાણી નાંખી, અને સાકર મેળવી એકજોશ આપીને પાવું. જો તે ભારે પડે તો તેમાં જરા એલચી અને જાયફળ નાંખીને પાવું.

બચ્ચાંને રોજ સહન કરે તેવા ગરમ પાણીએ ન્હવરાવવું. અને તે પાણીમાં એક મુઠી ખાવાનું મીઠું નાંખવું. એમ કરવાથી તેના બદનને જોર આવશે. હમેશાં અંગ ઉપર વસ્ત્ર રાખવાં અને માથા ઉપર થોડા વાળ રાખવા.

બચ્ચાંને ચાર પાંચ દિવસે વીલાયતી એરંડીયામાં મધ નાંખીને તેની બે ત્રણ આંગળી ચટાડવી, જેથી ઝાડો સાફ આવશે.

બચ્ચાંને તાવ આવે તો કરીયાતું, કાલાછડ અને જેઠીમધ—એ ત્રણ ચીજને પાણીમાં ઘસી તેમાં મધ નાંખીને ચટાડવું.

જ્યારે બચ્ચાને દાંત અથવા દાઢ આવે ત્યારે ઘણું દરદ થાય છે, ઝાડા આવે છે, ખાંસી થાય છે અને તાવ આવે છે. એ વખતે બચ્ચાંના મોડામાં આંગળી નાંખીને જોવું કે તેનાં પેઢાં ફુટેલાં છે કે નહીં અને જો પેઢા ફુટેલા માલમ પડે તો તે ઉકાળું માંખણ ચોપડતા રહેવું, તેથી દાંત જલદી બાહેર નીકળશે.

બચ્ચાંના નાકમાં બદામનુ તેલ મુકવુ. ઘી મુકવું નહીં. ઘી મુકવાથી ખાંસી અથવા સસણી થઇ આવે છે.

જો બચ્ચુ લાંબા વખત સુઇ રહે તો તેને મીઠી ઉંઘમાંથી જગાડવુ નહીં. કારણકે, તદુરસ્તીને માટે તે સારૂ ચિન્હ છે. જો બચ્ચાંને સદા તદુરસ્તીમાં રાખવુ હોય તો તેને પુરતુ દુધ, પુરતી ઉંઘ અને પુરતાં ફલાલીનનાં કપડાં છે.

કરમના ઉપાય—બચ્ચાંને તેમજ મોટી ઉમરના માણસને કરમ પડે છે. તેને માટે નરમ ઉપાય કેલો મેલ્ફેમ. પા તોલો કપિલો લઇ તેને ખાંડ દહીં અથવા ડાગમાં મેળવી ત્રણ દિવસ સુધી પાવાથી કર-

સુંઠ—તેને સાકરના શીરામાં મેળવીને પાક બનાવવો અને તેમાંથી એક ચમચી જેટલો ત્રણ ત્રણ કલાકે ખાવો અને નીચેનો મલમ તે ઉપર ચોપડવો.

બે ડ્રામ માજુ ફળનો ભુકો, અડધો ડ્રામ બારીક કુટેલું અફીણ, બે આંઉસ મીન તેલનો સાદો મલમ—એ સર્વેને મેળવી મશા ઉપર ચોપડ્યા કરવું.

હાડકું ઉતરે અથવા મરડ થાય તેનો ઉપાય.

હાથ અથવા પગનું હાડકું કોઈ કારણથી સાંધામાંથી ઉતરી જાય કે લચકી જાય ત્યારે ઘણું દરદ થાય છે. તે વખતે તરત બીજા માણસે હાડકાને પકડી જરા જરા દાબી જમણી તરફ હલાવી આસ્તેથી તાણવું—એટલે તે પાછું સાંધામાં બેશી જશે. અને જ્યારે તે ઠેકાણે આવશે ત્યારે કડ કરતો અવાજ થશે. જો લચક આવી હોય તો તે ભાગને જરા અડધો કલાક સુધી મસળવો અથવા કોઈથી તે અંગ કચરાયું હોય તો ત્યાં ઘણી પીડા થાય છે. પાણીમાં ગુરકો મેલીને અથવા શુગરલેડનું પાણી બનાવી તેમાં કપડાનો કટકો બોળી તે લચકવાળા અથવા મરડાઈ ગયેલા ભાગ ઉપર મુકવો અને તે ભીનો ને ભીનો રાખવો અને સોજો નરમ પડે કે દિવસમાં એકથી બે વાર તે ઉપર ઠંડા પાણીની ધાર કર્યા કરવી. અથવા ખસખસના પોસ પાણીમાં ઉકાળીને તેનો સેક કરવો.

વીંછીના ડંખનો ઉપાય—વીંછી ડંખ મારે ત્યારે તે ડંખ મારેલી જગ્યા ઉપર બે ત્રણ તસુ દૂર સુતળીની દોરી બાંધવી કે જેથી ઝેર ઉપર ચડે નહીં. ડંખવાળા ભાગ ઉપર કેરોસીન તેલ સારી પેઠે ઘસવાથી તે ડંખ તુરત નરમ પડી જાય છે. આમલીનો કાતરો લઈ તેનો સફેદ ભાગ દેખાય ત્યાંસુધી પથ્થર ઉપર ઘસવો પછી તે સફેદ ભાગ ડંખ ઉપર મજબુત દાબી દેવો તે ડંખ ઉપર તરત વળગી જશે એટલે ઝેર ઉતરી જશે.

ધતૂરાજની ચાવી લઈ ને ડંખ ઉપર જોરથી ઘસવી અને ત્યાર પછી તે ઉપર નીમક અથવા લીંબુનો રસ ચોપડવો.

માખણ, લસણ અથવા મુળાનો રસ મશળવાથી પણ વીંછીનું ઝેર ઉતરી જાય છે.

સુકી હજારનો કકડો પાણીમાં ઘસીને ડંખ ઉપર ચોપડવો અને તે ઉપર શેક કરવો.

સાપના ઝેરનો ઉપાય—શરીરના જે ભાગ ઉપર સાપ કરડ્યો હોય તે ભાગની જગ્યા ઉપર તથા નીચે દોરીથી મજબૂત બાંધી લેવો પછી બળતું લાકડું લઈ ને જગ્યાને બાળી નાંખવી અથવા છરી લઈ ડંખ ઉપર અથવા તેની આસપાસની જગ્યા ઉપર ઘા પાડવા અને થોડું લોહી વહેવા દેવું અને ઉલટી કરે તેવી દવા આપવી પછી એક હલકો જુલાબ આપવો જો દરદીને કેફ અથવા ઉંઘ આવે તોપણ તેને સુવા દેવો નહીં. પણ તેને ઓરડામાં ખૂબ ચલાવવો. જો શરીર ઠંડું થતું હોય તો ગરમ પાણીની બાટલીનો શેક કરવો.

એક આઉંસ એરંડાના પાનનો રસ લઈ તેમાં ચાર આઉંસ પાણી મેળવીને પાઈ દેવું. જો એથી દરદીને ઉલટી ન થાય તો ફરીથી તે પાવું અને એરંડીયાના પાન સેકી ડંખ ઉપર બાંધવા.

અમલસારો ગંધક વાટી બચ્ચાના મુતરમાં મેળવીને ડંખ ઉપર લગાડવો અથવા મુરકામાં નીમક નાંખીને ચોપડવું.

નાઈટ્રીક આસીડમાં સળી બોળીને જખમ ઉપર તેના થોડાં ટીપાં લગાડવાથી ઝેર બળી જશે.

અફીણના ઝેરનો ઉપાય રાઈને ગરમ પાણીમાં ભેળી પાઈ દેવાથી અફીણનું ઝેર ઉતરી જશે.

જરા હીંગની ભુકી લ. પાણીમાં મેળવીને પાવી એટલે ઉલટી થઈ ઝેર નીકળી જશે.

રતવા—આ એક જાતનો ચેપી રોગ છે. તે ગરમીથી પેદા થાય છે. જુના વાંસની ગાંઠ ઘસીને ચોપડવાથી અજાયબ શાંત થાય છે. હેમકંદ, રતવેલીઓ, કાલો હુંસરાજ, ચલકઆબ, વાળો, સુખડ, સોનાગેરૂં, એ બધાં સરખે ભાગે લઈ વાટીને ચોપડવાથી તે દરદ તરત મટે છે. ગરમાળાની છાલ અને બેડાનો ભુકો સરખે ભાગે લઈ વાટી ખદખદાવી ચોપડવાથી બધી જાતનો રતવા મટી જાય છે.

વજનોની સમજ.

ગ્રેન એટલે એક ઘઉંના દાણા ભાર.
૧૫ ગ્રેનનો એક માસો.
૪ માસાનો એક ડ્રામ.
૩ ડ્રામનો એક તોલો.
૨॥ તોલાનો એક આંઉસ.
૪૦ તોલાનો એક રતલ.
૧ રતલનો એક પાઉન્ડ.



રતવા—આ એક જાતનો ચેપી રોગ છે. તે ગરમીથી પેદા થાય છે. જુના વાંસની ગાંઠ ઘસીને ચોપડવાથી બળતરા શાંત થાય છે. હેમકંદ, રતવેલીઓ, કાસો હુંસરાજ, ચલકબાબ, વાળો, ગુખડ, સોનાગેરૂં, એ બધાં સરખે ભાગે લઈ વાટીને ચોપડવાથી તે દરદ તરત મટે છે. ગરમાળાની છાલ અને બેડાનો ભુકો સરખે ભાગે લઈ વાટી ખરખરાવી ચોપડવાથી બધી જાતનો રતવા મટી જાય છે.

વજનોની સમજ.

ગ્રેન એટલે એક ઘઉંના દાણા ભાર.
૨૫ ગ્રેનનો એક માસો.
૮ માસાનો એક ડ્રામ.
૩ ડ્રામનો એક તોલો.
૨॥ તોલાનો એક આઉંસ.
૪૦ તોલાનો એક રતલ.
૧ રતલનો એક પાઉન્ડ.



ક આપવો. તેની આગળ ઘણાં માણસોની ભીડ થવા દેવી નહીં. જેવી રીતે તેને ગમે તેમ કરવું અને તેની રૂચિને અનુસરવું.

રોગીની આગળ હસતે ચેહેરે રહેવું. તેની પાસે મન આનંદમાં રાખી મધુર વચનો બોલવા. તેને વારંવાર ધીરજ આપવી. તેને એકલા રહેવા દેવું નહીં. કદિ તે આપણો દોષ કાડે અથવા ખીજવાઈ જાય તોપણ તે સહન કરી તેની આગળ મીઠાં વચનો બોલવાં. તેનું મન રાજી થાય તેમ કરવું અને તેને આરામ થશે એવાં ધીરજનાં વચનો બોલ્યાં કરવાં. તે સાથે તેની સ્થિતિ ઉપર ધ્યાન આપવું. ક્ષણે ક્ષણે સમયસૂચકતા વાપરી સાવધાન રહેવું. કદિ રોગીની સ્થિતિમાં ધાસ્તી ભરેલો ફેરફાર થઈ જાય તોપણ હીંમત રાખવી અને તરત વૈદ્ય અથવા ડાકટરને બોલાવવો અને બીજો બને તે ઉપાય સત્વર કરવો. કદિ આપણને તેની જીવવાની આશા ન હોય તોપણ હીંમત રાખી તેની સાથે આશા ભરેલી વાતો કરવી. કદિ પણ નાહીંમત થઇ રોવા બેસવું નહિ. વળી જો દરદી મરણના ભયથી કલ્પાંત કરે તો તેને હીંમત આપવી અને તેના મનને શાંત કરી ધર્મ તરફ વાળવું. વારંવાર તેની આગળ નવકાર મંત્રનો ઉચ્ચાર કરાવવો અને તેને હાથે શુભ ખાતામાં ડવ્યાર્પણ કરાવવું. જેથી તેની સદ્ગતિ થાય છે. કદિ વૈદ્ય કે ડાકટરના કહેવાથી આપણા જાણવામાં આવે કે આ દરદી મરી જશે તો તે વાત દરદીને કદિપણ કહેવી નહિ. હંમેશાં તેની માવજતમાં ઘણી રીતે ધ્યાન આપતા રહેવું

દરદીની માવજતમાં પાંચ બાબત ઉપર પુરતું ધ્યાન આપવાનું છે. દરદીને તાજી હવા મળે તેવી ગોઠવણ કરવી, દરદીની વર્તણુક ઉપર ધ્યાન આપવું. તેને ઉંઘ આવે તેમ કરવું, તેના રોગની પરીક્ષા કર્યા કરવી અને નિયમસર તેને ઔષધી આપવી—આ પાંચ બાબત ધ્યા-

ગચું રાખવાથી દરદીને ઘણો ફાયદો થાય છે. તેથી દરેક શ્રાવિકાએ આ શિક્ષણ અવશ્ય મેળવવું જોઇએ. માવજત કરવાથી વખતે વેદાની ઝરથી પણ વધારે લાભ થાય છે. અને તેથી આ મનુષ્ય ભવરૂપ ચિંતામણિ જે પુણ્યથી પ્રાપ્ત થયેલ છે, તેનું રક્ષણ થાય છે.

समाप्त.

છપાય છે!　　　　છપાય છે!!　　　　છપાય છે!!!

શ્રાવિકા ભૂષણ તૃતીય અલંકાર.

આ ગ્રંથના પ્રથમ બે અલંકાર અમારા શ્રાવક વર્ગ સન્મુખ બહાર યા છે. તેજ અલંકાર માંહેલો આ ત્રીજો અલંકાર છે. અમારા શ્રાવક બંધુઓને તે અલંકારોથી ખાત્રી થઈ હશે કે, આ અલંકારો કાંઈ શોભા વધારે એવા છે —એટલે સદ્ગુણો પ્રાપ્ત કરાવે એવા છે. તેનામાં અમોને ઘણે ઠેકાણેથી સારા અભિપ્રાયો આવી ગયા છે. અને ત્રીજા અલંકારને માટે કેટલાક ગૃહસ્થો તરફથી પૃચ્છા થઈ તથા અમારી પણ આ ગ્રંથને અમારી શ્રાવિકા બહેનો સન્મુખ મુકવાની અતિ અભિલાષા હતી આવા કારણોને લઈને અમોએ તૃતીયાલંકાર છાપવા શરૂ કર્યો છે. અને તે થોડા દીવસમાં છપાઈ બહાર પડશે. જેમને લેવાની ઈચ્છા હોય તેમને પ્રથમથીજ લખી જણાવવું

મળવાનું ઠેકાણું

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ

પાલીતાણા. (સિદ્ધક્ષેત્ર).